# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 203 Dt. 16-02-2026 Page : 08 Price : Rs 3








Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


### ભારત સાથે સંબંધો સુધારવાની ગુલબાંગો વચ્ચે

# બાંગ્લાદેશમાં હિન્દુ મંદિરો પર હુમલા

## પ્રાચીન કાલી મંદિરમાં મૂર્તિઓની તોડફોડ : ચૂંટણી પછી ફરી અસામાજિક તત્વોએ પ્રકાશ્યુ પોત

ઢાકા :,તા.૧૫

બાંગ્લાદેશમાં ચૂંટણી બાદ હિન્દુ મંદિરો પર ફરી હુમલા શરૂ થયા છે. આ વખતે પ્રાચીન કાલી મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. જેમાં મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી છે. આ ઘટના ખોક્ષાબરીમાં નીલફામરી-૩ બની છે. જ્યા ઉપદ્રવીઓએ પ્રાચીન કાલી મંદિરમાં સ્થાપિત મૂર્તિની તોડફોડ કરી હતી.

બાંગ્લાદેશમાં હાલમાં ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ સૌથી વધુ ૨૧૨ બેઠકો જીતી છે. જ્યારે જમાત-એ-ઇસ્લામીએ ૭૬ બેઠકો મેળવી છે. કાલી મંદિરમાં તોડફોડની આ ઘટના નીલફામરી જિલ્લામાં બની જ્યાં જમાત-એ-ઇસ્લામીએ નીલફામરી-૩ સહિત બધી બેઠકો જીતી છે. જમાત-એ-ઇસ્લામીના ઓબેદુલ્લાહ સલાફી આ વિસ્તારમાંથી વિજયી જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં ચૂંટણી પરિણામો બાદ તરત જ લઘુમતી સમુદાયો ખાસ કરીને હિન્દુઓમાં અસુરક્ષા વધી ગઈ છે. નીલફામરી જેવા ઉત્તરીય જિલ્લાઓમાં, જ્યાં જમાત-એ-ઇસ્લામીનો મજબૂત પ્રભાવ છે. હિન્દુઓ પર હુમલા ફરી શરૂ થયા છે. આ હુમલાખોરોએ ખોક્ષાબરી ગામના સાબુલીપારા વિસ્તારમાં સ્થિત પ્રાચીન કાલી મંદિરને નુકસાન પહોંચાડ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ચૂંટણી પરિણામો જાહેર થયા પછી કેટલાક અસામાજિક તત્વોએ મંદિરમાં તોડફોડ



કરી, મૂર્તિઓને નુકસાન પહોંચાડ્યું અને પરિસરમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મંદિરની દિવાલો તૂટી ગઈ છે અને ગર્ભગૃહ બધુ અસ્ત વ્યસ્ત પડ્યું છે. તેમજ પૂજા સ્થળ સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવ્યું છે.

### ભારત પોતાની શરતો પર ૩૮ દેશો સાથે વેપાર કરારો માટે સક્ષમ

# રાજકીય સ્થિરતાથી રોકાણકારોનો વધ્યો વિશ્વાસ

## યુપીએ સરકારના ગેરવહીવટની ટીકા કરી વડાપ્રધાને કહ્યું કે જેના લીધે અન્ય દેશો સાથે વેપાર કરારો કરી શકાયા નથી : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં રાજકીય સ્થિરતાએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે અને મજબૂત ઉત્પાદન, સેવાઓ અને ખજખઊ ક્ષેત્રોને કારણે ભારત પોતાની શરતો પર ૩૮ દેશો સાથે વેપાર કરારો કરવામાં સક્ષમ બન્યું છે. તેમણે ખાનગી ક્ષેત્રને સંશોધન અને વિકાસ અને ગુણવત્તામાં રોકાણ વધારવા વિનંતી કરી છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી કાપડ,(ટેકસટાઈલ) ચામડું, રસાયણો, હસ્તકલા, ઘરેણાં અને અન્ય ક્ષેત્રોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો માટે માર્કેટ ઍક્સેસને વિસ્તૃત કરવા કરવામાં આવેલો છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સરકારી બજેટ ફક્ત હિસાબી દસ્તાવેજો નથી પરંતુ દેશના લાંબા ગાળાના વિકાસ માટે એક રોડમેપ હોવાનું પીએમ મોદીએ જણાવ્યું હતું.



તાજેતરના વર્ષોમાં ભારતીય ઉત્પાદનોએ અગાઉના તમામ નિકાસ રેકોર્ડ તોડી નાખ્યા છે. સંરક્ષણ બજેટમાં થયેલા વધારાનો ઉલ્લેખ કરતા કહ્યું કે વર્તમાન પરિસ્થિતિઓને અનુરૂપ સંરક્ષણ ક્ષેત્રને આધુનિક બનાવવાની સરકારની ફરજ છે. તેમણે જણાવ્યું હતું કે તેમની સરકારે દેશના સંરક્ષણ દળોને ટેકો આપવા અને મજબૂત કરવા માટે તમામ પ્રયાસો કર્યા છે અને તે ચાલુ રાખશે તેઓએ એમ પણ જણાવ્યું હતું. યુપીએ સરકારના ગેરવહીવટની ટીકા કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે જેના લીધે અન્ય દેશો સાથે વેપાર કરારો કરી શકાયા નથી. યુપીએ શાસનમાં લાંબા ગાળાના પરિણામો પ્રાપ્ત નથી થયા. જોકે, રિફોર્મ એ એનડીએ સરકારની પ્રતિબદ્ધતા છે. તેમણે કહ્યું કે રિફોર્મ એક્સપ્રેસે એનડીએ સરકાર હેઠળ વ્યાપક પ્રગતિ હાંસલ કરી છે. તેમણે ઉમેર્યું કે સ્વભાવે અમે સંપૂર્ણપણે સંતુષ્ટ નથી.

# દુશ્મનો સામે ભારતીય 'ભૈરવ' બટાલિયન સજ્જ

## અમિતાભ બચ્ચનના અવાજમાં સેનાએ દુશ્મનોને આપ્યો કડક સંદેશ

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય સેનાએ મહાશિવરાત્રિના પાવન અવસરે પોતાની નવી લાઈટ કોમ્બેટ બટાલિયન 'ભૈરવ' નો સાડા ત્રણ મિનિટનો એક પ્રભાવશાળી વીડિયો જાહેર કર્યો છે. સેનાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શેર કરવામાં આવેલા આ વીડિયોમાં સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના દમદાર અવાજ જોવા મળ્યો છે. બચ્ચનના અવાજમાં એક કવિતા દ્વારા આ બટાલિયનની તાકાતને અત્યંત સિનેમેટિક અંદાજમાં રજૂ કરવામાં આવી છે. ભગવાન શિવના ઉગ્ર સ્વરૂપ 'ભૈરવ' થી પ્રેરિત આ બટાલિયનનું નામ અને તેની ઓળખ સેનાએ પ્રતિકાત્મક રીતે સ્થાપિત કરી છે. વીડિયોની ટેગલાઈન 'ભૈરવ - નામ નહીં, ઓળખ. ભૈરવ - નામ નહીં, પરિણામ' તેની કાર્યક્ષમતાને સચોટ રીતે વ્યક્ત કરે છે. વીડિયોમાં



જોઇ શકાય છે કે, કેવી રીતે આ બહાદુર જવાનો ગીચ જંગલોમાં છુપાઈને હુમલો કરવામાં, પાણીના માર્ગે અને હવામાંથી એકદમ સચોટ પ્રહાર કરવા માટે સક્ષમ છે. અલગ-અલગ મુશ્કેલ વિસ્તારો અને વિશેષ ઓપરેશનોમાં ભૈરવ કમાન્ડોની કામ કરવાની ક્ષમતાને વિગતવાર દર્શાવવામાં આવી છે. આ વીડિયો માત્ર એક બટાલિયનની જાણકારી નથી, પરંતુ દુશ્મનો માટે એક કડક ચેતવણી પણ છે. વીડિયો દ્વારા 'ભૈરવ' બટાલિયન પાસે રહેલા આધુનિક તકનીકી સંસાધનો અને હથિયારોની ઝલક પણ મળે છે. યુનિટ પાસે અત્યાધુનિક હથિયારો છેઃ જેમાં અઊં-૨૦૩ એસોલ્ટ રાઈફલ્સ, નેગેવ (ગયલયદ) લાઈટ મશીન ગન અને રોકેટ લોન્ચર અને નાઈટ વિઝન ઉપકરણોનો સમાવેશ થાય છે.

આ બધું સેનાની 'શેડો એન્ડ સ્ટીલ' (જીવફમજ્ઞ ફક્ષમ જીયિંયહ) શ્રેણીનો એક ભાગ છે. જેની શરૂઆત ગયા વર્ષે ઓક્ટોબરમાં કરવામાં આવી હતી. જેથી દુનિયાને ભારતીય સેનાની રણનીતિ અને યુનિટ્સથી વાકેફ કરી શકાય.

### દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગની થશે સમીક્ષા : સરંક્ષણ કરારને વધુ ૧૦ વર્ષ માટે રિન્યુ કરવાની વકી

# ભારત-ફ્રાંસ વચ્ચે કાલે બેંગલુરૂમાં બેઠક

નવીદિલ્હી,તા.૧૫

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કર્ણાટકના બેંગલુરુમાં ફ્રાન્સના સશસ્ત્ર દળો અને વેટરન્સ અફેર્સ મંત્રી કેથરિન વોટ્રિન સાથે છઠ્ઠા ભારત-ફ્રાન્સ વાર્ષિક સંરક્ષણ સંવાદની સહ-અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરવામાં આવશે, જેમાં ખાસ કરીને ઔદ્યોગિક સહયોગના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ બેઠક દરમિયાન સંરક્ષણ સહયોગ કરારને વધુ ૧૦ વર્ષ માટે રિન્યુ કરવામાં આવે તેવી અપેક્ષા છે. બંને સંરક્ષણ પ્રધાનોની હાજરીમાં હેમર મિસાઈલોના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ પર સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર થવાની શક્યતા છે. ભારતીય સેના અને ફ્રેન્ચ સૈન્ય મથકોમાં અધિકારીઓની પરસ્પર તૈનાતી અંગે પણ જાહેરાત થવાની અપેક્ષા છે. બંને મંત્રીઓ કર્ણાટકના વેમાગલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા ટાટા એરબસ ઈ૧૨૫ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટરના અંતિમ એસેમ્બલીના વર્ચ્યુઅલ ઉદ્દઘાટનના સાક્ષી બને તેવી પણ અપેક્ષા છે.

સંરક્ષણ ક્ષેત્ર પરંપરાગત રીતે બંને દેશો વચ્ચેના સંબંધોનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ રહ્યો છે. ૨૦૨૪-૨૦૨૫માં અનેક ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાનમાં મજબૂત અને ટકાઉ દ્વિપક્ષીય સંબંધ સ્પષ્ટપણે પ્રતિબિંબિત થયો હતો. જુલાઈ ૨૦૨૩માં બેસ્ટિલ ડે પરેડમાં વડાપ્રધાન મોદી અતિથિ વિશેષ હતા, ત્યારબાદ ૨૦૨૪માં પ્રજાસત્તાક દિવસ પરેડમાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ તરીકે સામેલ થયા હતા.



તાજેતરના ભારત-ઊઅ સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી કરારે યુરોપિયન દેશો સાથેના આપણા સામૂહિક સહયોગને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. લશ્કરી સહયોગ સતત વધી રહ્યો છે. ભારત અને ફ્રાન્સ નિયમિતપણે ત્રણ મુખ્ય કવાયતોનું આયોજન કરે છે - સેના સાથે અભ્યાસ શક્તિ, નૌકાદળ સાથે અભ્યાસ વરુણ અને વાયુસેના સાથે અભ્યાસ ગરુડ, તેમજ અન્ય ઘણી યોગ્ય કવાયતો સામેલ છે. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ફ્રેન્ચ સંરક્ષણ મંત્રી બન્યા પછી કેથરિન વોટ્રિનની આ પહેલી ભારત મુલાકાત હશે. ભારત-ફ્રાન્સ વાર્ષિક સંરક્ષણ સંવાદ એ સંરક્ષણ અને સુરક્ષા સહયોગની સમીક્ષા અને માર્ગદર્શન માટે યોજાતી એક માળખાગત મંત્રી-સ્તરની દ્વિપક્ષીય બેઠક છે. આ બેઠકની પાંચમી આવૃત્તિ ૧૧-૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન ફ્રાન્સમાં યોજાઈ હતી.

# મધ્યપ્રદેશ મુખ્યમંત્રીના હેલીકોપ્ટરે ગૂમાવ્યું સંતુલન

ખંડવા,તા.૧૫

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવના ખંડવા પ્રવાસ દરમિયાન તેમના હેલીકોપ્ટરે ઉડતા જ સંતુલન ગુમાવ્યું હતું જેના લીધે સીએમ સહિત આસપાસના લોકોના જીવ તાળવે ચોંટયા હતા. જોકે, થોડી જ મિનીટમાં હેલીકોપ્ટરે સંતુલન પુન મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી. જોકે, આ ઘટના બાદ ત્યાં રહેલા લોકો ગભરાટ ફેલાયો હતો. મુખ્યમંત્રીના હેલિકોપ્ટરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાઇરલ થઈ રહ્યો છે.

આ ઉપરાંત હેલિપેડમાંથી ઉડતી ધૂળે જાહેર બાંધકામ વિભાગની બેદરકારી પ્રકાશિત કરી હતી. તેમજ માનવામાં આવી રહ્યું છે કે , જાહેર બાંધકામ વિભાગે ધૂળ ઉડતી અટકાવવા માટે હેલિપેડ પર વોટરીંગ કર્યું ન હતું. જોકે, મુખ્યમંત્રીનું હેલીકોપ્ટર ઉડાન ભરતાની સાથે જ થોડીવારમાં જ ધૂળ ઉડવા લાગી હતી અને તેને સંતુલન ગુમાવ્યુ હતું. આ મુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક ગણી શકાય. જોકે, પાયલોટે તરત જ હેલિકોપ્ટરને નિયંત્રણમાં લીધું હતું. આ દરમિયાન મુખ્યમંત્રી મોહન યાદવની ખંડવાથી ભોપાલ સુધીની યાત્રા સંપૂર્ણપણે સલામત રહી. આ ઘટના બાદ



**મોટી દુર્ઘટના ટળતા સૌએ અનુભવ્યો હાંશકારો**

વહીવટી અધિકારીઓ અને જનપ્રતિનિધિઓએ રાહતનો શ્વાસ લીધો. ઉલ્લેખનીય છે કે પંઢણામાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ૧ કરોડ પચીસ લાખ લાડલી બહેનોના ખાતામાં રૂપિયા ૧,૮૦૦ કરોડની રકમ ટ્રાન્સફર કરી હતી. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ લાડલી બહેનોને રૂપિયા ૫૨,૩૦૪ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.

# ગુજરાત વિધાનસભાનું આજથી બજેટ સત્ર

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આજે ૧૬ ફેબ્રુઆરીથી પ્રારંભ થશે. સત્રની શરૂઆત બપોરે ૧૨:૦૦ વાગ્યે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી થશે. ત્યારબાદ ગૃહમાં ટૂંકો વિરામ રહેશે. સત્રના પ્રથમ દિવસે શોક દર્શક ઉલ્લેખ થશે, જે બાદ મોટું આકર્ષણ વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણી રહેશે. વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટે ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ સામ સામે છે. કોંગ્રેસ તરફથી શૈલેષ પરમારે ઉમેદવારી નોંધાવી છે જેનો પ્રસ્તાવ ધારાસભ્ય દિનેશ ઠાકોર રજૂ કરશે. બીજી તરફ ભાજપ તરફથી મંત્રી જીતુ વાઘાણી પૂર્ણેશ મોદીને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટવા માટેનો પ્રસ્તાવ રજૂ કરશે. આ ચૂંટણી 'ધ્વનિ મત' દ્વારા કરવામાં આવશે.

બજેટ સત્રનું શિડ્યુલ અને મહત્ત્વની મળેલી વિગતોમાં સત્રનો સમયગાળો ૧૬ ફેબ્રુઆરીથી ૨૫ માર્ચ જાહેર કરાયો છે. જેમાં ૨૩ દિવસ કામકાજના ગણાશે.

સામાન્ય બજેટઃ કાલે ૧૭ ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ થશે ૨૬ બેઠકોનું આયોજન કરાયું છે. સરકાર આ સત્રમાં સાત જેટલા નવા બિલ (વિધેયકો) રજૂ કરવાની તૈયારીમાં છે. સમાન નાગરિક સંહિતા (ઞઈઈ) અંતર્ગત 'યુનિફોર્મ સિવિલ કોડ' સંબંધિત મહત્ત્વના વિધેયકો રજૂ થાય તેવી પ્રબળ શક્યતા છે. કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા રાજ્યના પડતર અને ચાલુ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવશે. બજેટનું કદઃ ૧૫ ટકાના ના વધારા સાથે ૩.૯૦ લાખ કરોડનું અનુમાન



**ઉપાધ્યક્ષ ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ વચે કશ્મકશ**

સેવાઈ રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નાણામંત્રી કનુભાઈ દેસાઈ આ વર્ષે ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કરી શકે છે. અંદાજવામાં આવી રહ્યું છે કે રાજ્ય સરકાર ૩.૯૦ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરશે.

# માઈગ્રેન - માથાના દુઃખાવા વચ્ચેનો જાણો ફરક

## મોટાભાગના લોકો સામાન્ય માથાનો દુઃખાવો સમજી લે છે, પેઈનકિલર લેવાથી અને સારું થઈ જાય છે. કેટલાક લોકો અલગ, વધુ ગંભીર અને લાંબા સમય સુધી ચાલતો માથાનો દુઃખાવો અનુભવે છે



રાજકોટ, તા. ૧૫

માથાનો દુખાવો એ એક એવી સમસ્યા છે જેનો અનુભવ લગભગ દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ક્યારેક ને ક્યારેક કરે છે. ક્યારેક કામના થાકને કારણે, ક્યારેક ઊંઘના અભાવને કારણે, અને ક્યારેક તણાવને કારણે, માથાનો દુખાવો થાય છે. મોટાભાગના લોકો તેને સામાન્ય માથાનો દુખાવો સમજી લે છે, પેઈનકિલર લેવાથી અને સારું થઈ જાય છે. જોકે, કેટલાક લોકો અલગ, વધુ ગંભીર અને લાંબા સમય સુધી ચાલતો માથાનો દુખાવો અનુભવે છે. આ પ્રકારના માથાનો દુખાવોને માઇગ્રેન કહેવામાં આવે છે. માઇગ્રેન અને સામાન્ય માથાના દુખાવા વચ્ચેનો તફાવત સમજવો મહત્વપૂર્ણ છે, કારણ કે દરેકની સારવાર અને સંભાળ અલગ હોય છે. સામાન્ય માથાનો દુખાવો ઘણીવાર હળવો અથવા મધ્યમ હોય છે અને આખા માથામાં દબાણ અથવા ભારેપણું જેવું લાગે છે. તે સામાન્ય રીતે થાક, તણાવ, મોબાઇલ ફોન અથવા કમ્પ્યુટરનો લાંબા સમય સુધી ઉપયોગ, ઊંઘનો અભાવ અથવા ખાલી પેટને કારણે થાય છે. આ પ્રકારનો માથાનો દુખાવો સામાન્ય રીતે થોડા કલાકોમાં જાતે અથવા હળવી દવાથી ઠીક થઈ જાય છે. તે સામાન્ય રીતે ઉલટી, પ્રકાશ સંવેદનશીલતા અથવા અવાજની બળતરા સાથે હોતો નથી.

માઈગ્રેનનો દુખાવો સામાન્ય માથાના દુખાવાથી તદ્દન અલગ છે. માઈગ્રેનનો દુખાવો ઘણીવાર માથાના એક જ વિસ્તારમાં થાય છે, જેમ કે જમણી કે ડાબી બાજુ. આ દુખાવો ધબકતો હોય તેવું લાગે છે, જાણે માથાની અંદર કંઈક ધબકતું હોય. માઈગ્રેનનો દુખાવો હળવો નથી; તે એટલો તીવ્ર હોઈ શકે છે કે વ્યક્તિ રોજિંદા કાર્યો પણ કરી શકતો નથી. ક્યારેક, આ દુખાવો થોડા કલાકોથી બે કે ત્રણ દિવસ સુધી રહી શકે છે. માઈગ્રેન ઘણીવાર અન્ય લક્ષણો સાથે હોય છે, જેમ કે ઉલટી અથવા ઉલટી જેવું લાગવું, તેજસ્વી પ્રકાશ અથવા મોટા અવાજોથી અસ્વસ્થતા, અને ક્યારેક ચક્કર. કેટલાક લોકો માઈગ્રેન શરૂ થાય તે પહેલાં ફ્લેશિંગ લાઇટ્સ, ઝાંખી દ્રષ્ટિ અથવા ઝિગઝેગ લાઇન્સનો અનુભવ કરે છે. આને ઓરા કહેવામાં આવે છે, અને તેને માઈગ્રેનનું લક્ષણ માનવામાં આવે છે.

આ સામાન્ય માથાના દુખાવા સાથે થતું નથી; આંખની કોઈ સમસ્યા હોતી નથી, કે પ્રકાશ કે અવાજથી એટલી અગવડતા હોતી નથી. સામાન્ય માથાનો દુખાવો વ્યક્તિને કામ કરવાનું ચાલુ રાખવા દે છે, પરંતુ માઈગ્રેન માટે ઘણીવાર તેમને અંધારા અને શાંત રૂમમાં સૂવાની જરૂર પડે છે. માઈગ્રેનના કારણો અન્ય માથાના દુખાવા કરતા પણ અલગ હોય છે. માઈગ્રેનને ઘણીવાર ચેતા અને મગજ સંબંધિત સમસ્યાઓ માનવામાં આવે છે. આ પાછળ આનુવંશિક કારણો પણ હોઈ શકે છે, એટલે કે જો પરિવારમાં કોઈને માઈગ્રેન હોય, તો આગામી પેઢી તેનાથી પીડાય તેવી શક્યતા વધુ હોય છે. વધુમાં, સ્ત્રીઓમાં માસિક સ્રાવ દરમિયાન હોર્મોનલ ફેરફારો, માઈગ્રેનનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

કેટલીક બાબતો માઈગ્રેનને ઉત્તેજિત કરી શકે છે, એટલે કે તે તેમને શરૂ કરી શકે છે, જેમ કે તીવ્ર સૂર્યપ્રકાશ, તીવ્ર સુગંધ, લાંબા સમય સુધી ભૂખ, ખૂબ અથવા ખૂબ ઓછી ઊંઘ, વધુ પડતો તણાવ, ચોકલેટ, ચીઝ, વધુ પડતું કેફીન અથવા આલ્કોહોલનું સેવન. સામાન્ય માથાના દુખાવામાં આ ચોક્કસ ટ્રિગર્સ ઓછા સામાન્ય છે.

સામાન્ય માથાના દુખાવાની સારવાર ઘણીવાર સરળ હોય છે. આરામ કરવો, પાણી પીવું, પૂરતી ઊંઘ લેવી અને હળવી પીડાની દવા લેવાથી રાહત મળી શકે છે. જો કે, માઈગ્રેનની સારવાર થોડી અલગ હોઈ શકે છે અને લાંબા સમય સુધી ચાલે છે. માઈગ્રેન માટે ફક્ત પેઈનકિલર્સ લેવાનું પૂરતું નથી. ડોકટરો એવી દવાઓ લખી આપે છે જે માઈગ્રેનના હુમલાની તીવ્રતાને રોકવામાં અથવા ઘટાડવામાં મદદ કરે છે.

જો માઈગ્રેનની તાત્કાલિક સારવાર ન કરવામાં આવે, તો તે વધુ વારંવાર થઈ શકે છે, જે વ્યક્તિની કામ કરવાની ક્ષમતા, માનસિક સ્થિતિ અને જીવનની ગુણવત્તાને અસર કરે છે. તેથી, વારંવાર થતા ગંભીર માથાના દુખાવાને સામાન્ય ગણીને નકારી કાઢવી જોઈએ નહીં. ડોકટરો કહે છે કે જો મહિનામાં એક કે બે વાર માથાનો દુખાવો થાય છે અને હળવો હોય છે અને સરળતાથી દૂર થઈ જાય છે, તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જોકે, જો માથાનો દુખાવો વારંવાર, તીવ્ર, અથવા એક બાજુ હોય, અથવા ઉલટી, પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ વર્તન, અથવા ચક્કર જેવા લક્ષણો સાથે હોય, તો તે માઈગ્રેન હોઈ શકે છે, અને ડોક્ટરની સલાહ લેવી મહત્વપૂર્ણ છે.

### માથાના દુખાવાને અવગણશો નહીં

માઈગ્રેન અને સામાન્ય માથાના દુખાવા વચ્ચેનો સૌથી મોટો તફાવત એ છે કે માઈગ્રેન જીવનને વિક્ષેપિત કરે છે, જ્યારે સામાન્ય માથાનો દુખાવો જીવનને ચાલુ રાખવા દે છે. માઈગ્રેનથી પીડિત વ્યક્તિ ઘણીવાર તેમના કામ, અભ્યાસ અથવા કૌટુંબિક જવાબદારીઓનું સંચાલન કરવામાં સંઘર્ષ કરે છે. તેથી જ માઈગ્રેન સારો વિચાર નથી. માઈગ્રેનને રોકવા માટે, કેટલીક આદતોમાં ફેરફાર ખૂબ મદદરૂપ થઈ શકે છે, જેમ કે સૂવા જવું અને સતત સમયે જાગવું, ભોજન ટાળવું, તણાવ ઓછો કરવો, મોબાઈલ ફોન અને સ્ક્રીન સમય મર્યાદિત કરવો, અને માઈગ્રેનનું કારણ શું છે તે ઓળખવું. એકવાર ટ્રિગર્સ ઓળખાઈ જાય, પછી તેમને ટાળવાથી માઈગ્રેનના હુમલા ઘટાડવામાં મદદ મળી શકે છે.

---

### સ્થિતિ ઘણીવાર અચાનક માનસિક અથવા શારીરિક તાણ પછી ઉદભવે છે જેથી હૃદયના સ્નાયુઓને અસ્થાયી રૂપે નબળા પાડે છે, જે તેમને સામાન્ય રીતે લોહી પંપ કરવાથી અટકાવે છે.

# હાર્ટબ્રેક સિન્ડ્રોમની હૃદય પર ગંભીર અસર

રાજકોટ, તા. ૧૫

હાર્ટબ્રેક એ ફક્ત ભાવનાત્મક પીડા નથી; તે તૂટેલા હૃદય સિન્ડ્રોમ નામની ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા તરફ દોરી શકે છે. આ સ્થિતિ ઘણીવાર અચાનક માનસિક અથવા શારીરિક તાણ પછી થાય છે. તૂટેલા હૃદય સિન્ડ્રોમ હૃદયના સ્નાયુઓને અસ્થાયી રૂપે નબળા પાડે છે, જે તેમને સામાન્ય રીતે લોહી પંપ કરવાથી અટકાવે છે. તે ઘણીવાર હૃદયરોગના હુમલા સાથે મૂંઝવણમાં મુકાઈ શકે છે. તૂટેલા હૃદય સિન્ડ્રોમવાળા દર્દીઓ ઘણીવાર છાતીમાં તીવ્ર દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, ધબકારા, નબળાઈ અને ચક્કર જેવા લક્ષણોનો અનુભવ કરે છે. કેટલાકને પરસેવો, ઉબકા અથવા ઉલટી પણ થઈ શકે છે. જો કે, સમયસર સારવાર સાથે, હૃદય સામાન્ય થઈ શકે છે. તેથી, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જાળવવું મહત્વપૂર્ણ છે. તૂટેલા હૃદય સિન્ડ્રોમ, જેને ટાકોત્સુબો કાર્ડિયોમાયોપથી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હૃદયના સ્નાયુનું કામચલાઉ નબળું પડવું છે. હૃદયની પંપીંગ ક્ષમતા અસામાન્ય બની જાય છે, અને હૃદય યોગ્ય રીતે લોહી પંપ કરવામાં અસમર્થ હોય છે. તે ઘણીવાર અચાનક માનસિક અથવા ભાવનાત્મક આઘાત પછી થાય છે, જેમ



કે કોઈ પ્રિય વ્યક્તિનું મૃત્યુ, વિશ્વાસઘાત, નોકરી ગુમાવવી અથવા જીવનમાં મોટો ફેરફાર.

હોર્મોનલ ફેરફારો, તણાવ અને ચોક્કસ દવાઓની અસરો પણ તેને ઉત્તેજિત કરી શકે છે. ૫૦ વર્ષ પછી સ્ત્રીઓમાં આ સ્થિતિ વધુ જોવા મળે છે. શરીરમાં તણાવ હોર્મોન્સનું સ્તર વધવાથી હૃદયના સ્નાયુઓ પર દબાણ આવે છે, જેના કારણે હૃદયનું કાર્ય અસામાન્ય બને છે અને હૃદયના ધબકારા વધે છે. જો કે, આ સ્થિતિ કામચલાઉ છે, અને સમયસર સારવારથી હૃદય સામાન્ય થઈ શકે છે. તણાવ અને ભાવનાત્મક તણાવ ટાળવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. નિયમિત યોગ, ધ્યાન અને હળવી કસરત હૃદય અને મન બંને માટે ફાયદાકારક છે. સંતુલિત આહાર અને પૂરતી ઊંઘ પણ હૃદયના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે.

તમારા માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખો અને જરૂર પડ્યે કાઉન્સેલર અથવા ડોક્ટરની મદદ લો. ઊંડા શ્વાસ અને આરામ જેવા જીવનશૈલીમાં નાના ફેરફારો તૂટેલા હૃદય સિન્ડ્રોમનું જોખમ ઘટાડી શકે છે. જો તમને તૂટેલા હૃદય સિન્ડ્રોમના લક્ષણોનો અનુભવ થાય છે, તો તમારે તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. છાતીમાં તીવ્ર દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, અચાનક ધબકારા વધવા, ચક્કર આવવા અથવા નબળાઈ જેવી સમસ્યાઓને અવગણશો નહીં. જો આ લક્ષણો અચાનક અથવા નોંધપાત્ર રીતે વધુ ખરાબ થાય છે, તો તે હૃદયરોગના હુમલા જેટલી ગંભીર માનવામાં આવે છે. તમારા ડોક્ટર હૃદય પરીક્ષણો કરશે અને યોગ્ય નિદાન આપશે.

ભલે લક્ષણો હળવા હોય પણ વારંવાર આવતા હોય, ડોક્ટરનો સંપર્ક કરવો મહત્વપૂર્ણ છે. સમયસર તબીબી મદદ લેવાથી હૃદયને કાયમી નુકસાન થતું અટકાવી શકાય છે અને તમારા સ્વાસ્થ્યમાં ઝડપથી સુધારો થઈ શકે છે. જો તમને કોઈ શંકાસ્પદ કે અસામાન્ય લક્ષણો દેખાય, તો વિલંબ ન કરો અને તાત્કાલિક નિષ્ણાતનો સંપર્ક કરો.

---

# હાઈડ્રેટેડ રહેવા માટે દરરોજ આટલું પાણી પીવું જરૂરી

### શિયાળામાં ઉનાળા કરતાં ઓછું પાણી પીતા લોકોને ડિહાઈડ્રેશન થાય છે. વાત મામૂલી લાગે, પણ તે અનેક સમસ્યાઓનું કારણ બની શકે

રાજકોટ, તા. ૧૫

શિયાળામાં, આપણે ઉનાળા કરતાં ઓછું પાણી પીએ છીએ. આનાથી ડિહાઈડ્રેશન થાય છે. આ વાત મામૂલી લાગે છે, પણ તે અનેક સમસ્યાઓનું કારણ બની શકે છે, જેમાં કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. એવું કહેવાય છે કે ડિહાઈડ્રેશન ટાળવા માટે, આપણે દિવસભર પૂરતું પાણી પીવું જોઈએ. જોકે, પ્રશ્ન વારંવાર ઉદ્ભવે છેઃ હાઈડ્રેટેડ રહેવા માટે આપણે દરરોજ કેટલું પાણી પીવું જોઈએ? આ પ્રશ્ન આપણામાંથી મોટાભાગના લોકોના મનમાં વારંવાર આવે છે. તમે ઘણીવાર લોકોને કહેતા સાંભળ્યા હશે કે આપણે દરરોજ ૮ ગ્લાસ પાણી પીવું જોઈએ, પરંતુ સત્ય એ છે કે દરેકની જરૂરિયાતો અલગ અલગ હોય છે. કોઈ એક નિશ્ચિત સંખ્યા દરેકને લાગુ પડતી નથી, તો ચાલો જોઈએ કે ખરેખર કેટલું પાણી પૂરતું છે અને કયા પરિબળો



આને અસર કરે છે. હકીકત-તપાસ, માયો ક્લિનિક, હાર્વર્ડ હેલ્થ અને અમેરિકન નેશનલ એકેડેમી જેવી મુખ્ય વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓ એક સ્વસ્થ પુરુષ પુખ્ત વયના વ્યક્તિના દૈનિક કુલ પ્રવાહી સેવન (પાણી + અન્ય પીણાં + ખોરાકમાંથી પાણી) આશરે ૩.૭ લિટર (આશરે ૧૫-૧૬ ગ્લાસ) ની ભલામણ કરે છે. સ્ત્રીઓએ આશરે ૨.૭ લિટર (આશરે ૧૧-૧૨ ગ્લાસ) પીવું જોઈએ. ભારતની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન માર્ગદર્શિકા ભલામણ કરે છે કે સ્વસ્થ પુખ્ત વયના લોકો દરરોજ ૨ થી ૩ લિટર પાણી પીવે. પ્રશ્ન એ ઊભો થાય છે કે દરરોજ ૮ ગ્લાસ પાણી પીવાનો વિચાર ક્યાંથી આવ્યો? આ ખરેખર ૧૯૪૫ ના એક જૂના અહેવાલમાંથી ઉદ્ભવે છે. જો કે, પછીથી તેને ''૮ક્ષ૮'' નિયમ (૮ ગ્લાસ ક્ષ ૮ ઔંસ = ૨ લિટર) માં વિકસાવવામાં આવ્યો. આ સરેરાશ વ્યક્તિ માટે ઠીક છે, પરંતુ દરેક માટે જરૂરી નથી. જોકે, કેટલાક અભ્યાસો સૂચવે છે કે મોટાભાગના લોકો આનાથી ઓછું પીવા માટે તૈયાર છે. આ પાછળનું કારણ એ છે કે તેઓ દિવસભર ચા, દૂધ, ફળો અને શાકભાજી પણ લે છે, જે તેમને પાણી પૂરું પાડે છે. ગરમ અથવા ભેજવાળા હવામાનમાં, તમારે ૩ થી ૪ લિટર પાણી પીવાની જરૂર પડી શકે છે. વધુમાં, વર્કઆઉટ દરમિયાન દર ૧૫-૨૦ મિનિટે એક ગ્લાસ પાણી પીવો. એક કલાકની સખત કસરત માટે વધારાનું ૦.૫-૧ લિટર જરૂરી છે.

જો તમને તાવ, ઝાડા અથવા ઉલટી થઈ રહી હોય, તો તમારા પાણીનું સેવન વધારવું. ગર્ભાવસ્થા અથવા સ્તનપાન દરમિયાન, સ્ત્રીઓએ ૩ થી ૩.૫ લિટર પાણી પીવું જોઈએ. જ્યારે પણ પીવાના પાણીની વાત આવે છે, ત્યારે વારંવાર મનમાં એક પ્રશ્ન આવે છે કે હાઈડ્રેટેડ રહેવા માટે દરરોજ કેટલું પાણી પીવું જોઈએ?

---

### સ્વસ્થ વ્યક્તિને ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે નિયમિત અંતરાલે ભોજન આરોગવું જરૂરી

# ભૂખ ન લાગે તો માથુ મારી ના મુકો



રાજકોટ, તા. ૧૫

ઘણી વાર, જ્યારે આપણી સામે ભોજનની પ્લેટ મૂકવામાં આવે છે, ત્યારે પણ આપણને ખાવાનું મન થતું નથી. આ એક સામાન્ય સમસ્યા છે. આમાં ઘણા કારણો ફાળો આપી શકે છે, જેમ કે તણાવ, શરદી અથવા વધુ પડતું કામ. ઘણી વાર, જ્યારે આપણે ખૂબ થાકેલા હોઈએ છીએ ત્યારે પણ આપણને ખાવાનું મન થતું નથી. આપણે તેને સામાન્ય ગણીએ છીએ. જો કે, જો સમસ્યા ઘણા દિવસો સુધી ચાલુ રહે છે, તો તે શરીરમાં કોઈ સમસ્યાનો સંકેત હોઈ શકે છે, જેનો આપણે વહેલા ઉકેલ લાવવો જોઈએ. તબીબી રીતે, આને મંદાગ્નિ કહેવામાં આવે છે, જોકે તે ખાવાની વિકૃતિથી અલગ છે. ચાલો સરળ શબ્દોમાં સમજીએ કે ભૂખ ન લાગવાના કારણો, ક્યારે ચિંતા કરવી અને કયા લક્ષણોથી ડોક્ટર પાસે જવું જોઈએ.

કેટલીકવાર, આપણે ભૂખ ગુમાવીએ છીએ. જો કે આપણે તેને સામાન્ય ગણીએ છીએ, તે ચેતવણીનો સંકેત હોઈ શકે છે. સ્વસ્થ વ્યક્તિને તેમની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે નિયમિત અંતરાલે ખાવાની જરૂર છે. આ કરવા માટે, જ્યારે પેટ સંપૂર્ણપણે ભરેલું ન હોય ત્યારે શરીર ભૂખની લાગણી પેદા કરે છે. વ્યક્તિ કંઈ ખાધું ન હોય છતાં પણ તૃપ્તિની ખોટી લાગણી અનુભવે છે. પેટની બીમારીઓ અને અતિશય તણાવ સહિત ઘણા પરિબળોને કારણે ભૂખ ન લાગવી થઈ શકે છે.

ભૂખ અને ખાવાની ઇચ્છાને નિયંત્રિત કરતી પ્રક્રિયાઓના યોગ્ય કાર્ય માટે ખોરાકનો સ્વાદ અને ગંધ લેવાની ક્ષમતા ખૂબ જ મહત્વપૂર્ણ છે.આનું ઉદાહરણ સ્વાદિષ્ટ ખોરાકની ગંધ લેતી વખતે મોઢામાં પાણી આવવું છે.જો સ્વાદ અને ગંધની ઇન્દ્રિયો નબળી પડી જાય અથવા સંપૂર્ણપણે ખોવાઈ જાય, તો વ્યક્તિ ખાવામાં રસ ગુમાવી શકે છે. કાનની કેટલીક સમસ્યાઓ ચક્કર અને ઉબકાનું કારણ પણ બની શકે છે. આ સ્થિતિમાં, વ્યક્તિની ભૂખ પણ ઓછી થાય છે.

### ઘરે શું કરવું?

- નાના, વારંવાર ભોજન લો (દિવસમાં ૫-૬ નાના ભોજન)
- તમારા મનપસંદ ખોરાક ખાઓ
- ફળોના સલાડ, દહીં, સૂપ અથવા સ્મૂધી જેવા સ્વસ્થ ખોરાક ખાઓ
  પુષ્કળ પાણી પીઓ; ડિહાઈડ્રેશન ભૂખને વધુ ઘટાડે છે.
  ભૂખ વધારવા માટે ચાલવા જેવી હળવી કસરત કરો.
- તણાવ ઓછો કરો
- મસાલેદાર અથવા ભારે ખોરાક ટાળો; સરળ અને પૌષ્ટિક ખોરાક પસંદ કરો.
  લીંબુ પાણી, આદુ ચા, અથવા ફુદીનાની ચા ભૂખ વધારી શકે છે.

### આપણે ક્યારે ચિંતા કરવી જોઈએ?

હવે પ્રશ્ન એ ઊભો થાય છેઃ આપણે ક્યારે ચિંતા કરવી જોઈએ? જો ભૂખ ન લાગવી એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલે તો ડોક્ટરો તમારી ભૂખ ન લાગવાની અવગણના કરવાની સલાહ આપે છે. તે ગંભીર સમસ્યાનું લક્ષણ હોઈ શકે છે. જો તમને ચોક્કસ લક્ષણોનો અનુભવ થાય, જેમ કેઃ

- અચાનક અથવા ઝડપી વજન ઘટાડવું
- સતત થાક, નબળાઈ અથવા સુસ્તી
- ઉબકા, ઉલટી અથવા પેટમાં દુખાવો
- ઝાડા અથવા કબજિયાત
- સુકા મોં, વાળ ખરવા, અથવા ત્વચા અથવા નખમાં ફેરફાર
- તાવ, ઉધરસ, અથવા શ્વાસ લેવામાં તકલીફ
- ઝડપી ધબકારા અથવા ચીડિયાપણું
- અસામાન્ય ખોરાકની તૃષ્ણા અથવા મનપસંદ ખોરાકમાં પણ રસ ગુમાવવો

જો આ લક્ષણો ૭-૧૦ દિવસથી વધુ સમય સુધી ચાલુ રહે, તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરો. આ કિડની, લીવર, થાઈરોઈડ, ડાયાબિટીસ, હૃદય રોગ અથવા, કેટલાક કિસ્સાઓમાં, કેન્સર જેવી ગંભીર બીમારીઓના સંકેતો હોઈ શકે છે. બાળકો અને વૃદ્ધોની વધુ ઝડપથી તપાસ કરવી જોઈએ, કારણ કે તેમની નબળાઈ ઝડપથી બગડી શકે છે.

### બમ બમ ભોલેના નાદ સાથે મહાશિવરાત્રીની શ્રદ્ધાભેર ઉજવણી

# સ્વયંભૂ રામનાથ મંદિરે ભક્તોનો ઘોડાપૂર

## ૫૦૦ વર્ષ જૂનું મંદિર હોવાના કારણે હવે જીર્ણોદ્ધારની આવશ્યકતા : પ્રતિ વર્ષ ભક્તોની સંખ્યામાં થઈ રહ્યો છે ઉત્તરોત્તર વધારો





રાજકોટ, તા. ,૧૫

ગઈકાલે દેશ-વિદેશમાં વિવિધ શિવ મંદિરોમાં મહાશિવરાત્રીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી એટલું જ નહીં રાજકોટના તમામ શિવાલયોમાં શિવ શંભુ ના નાદ સાથે ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા અને શિવજીની પૂજા અર્ચના કરી હતી. મળતી માહિતી મુજબ ગઈકાલના મહાપર્વ નિમિત્તે રાજકોટના શિવાલયોમાં હર હર મહાદેવ શિવ શંભુ નો નાદ ગુંજી ઉઠ્યો હતો અને કહી શકાય કે પાંચ સદી પૂર્વે બનેલા રામનાથ મહાદેવ મંદિર ખાતે ભાવિક ભક્તોનો ઘોડાપૂર ઉમટીઓ હતો અને દાદા ના દર્શન માટે ભાવિક ભક્તો ની લાંબી લાઈનો જોવા મળી હતી. રાત્રી સુધી આ પાવન મંદિર દર્શનાર્થે ખુલ્લું રાખવામાં આવ્યું હતું અને રહી શકાય કે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર્શનારથીઓ અને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. અતિ પૌરાણિક રામનાથ મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં શિવ ભક્તોએ મહાદેવને શીશ ઝુકાવી મનોકામના કરી હતી અને ભાંગનો મહાપ્રસાદનો પણ લાભ ભાવિક ભક્તોએ લીધો હતો. માત્ર રામનાથ મહાદેવ જ નહીં પરંતુ રાજકોટના નાના મોટા તમામ શિવાલયોમાં શિવરાત્રીને ધ્યાને લઈ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને મહાદેવને રિઝવવા માટે પૂજા અર્ચના પણ લોકો દ્વારા કરવામાં આવી હતી. તો સામે મંદિરના સંચાલકોએ પણ શિવાલયોનો અદભુત શણગાર કર્યો હતો. જેનાથી ભાવિક ભક્તોમાં હરખની હેલી જોવા મળી હતી.

પાંચ સદી જુના રામનાથ મહાદેવ મંદિર ના જીર્ણોદ્ધારની વાત છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે પરંતુ તંત્ર દ્વારા આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે અને કાર્ય હાથ ધરાય તે ખૂબ જરૂરી છે કારણ કે વર્ષો વર્ષ અહીં ભાવિક ભક્તોની સંખ્યામાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે ત્યારે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. અહીં આવતા શ્રદ્ધાળુઓમાં એક ખાસ લાગણી એ પણ છે કે જે પણ વ્યક્તિ રામનાથ મહાદેવ ને પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે તે તમામ સારી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. અને એ આશા સાથે જ પ્રતિવર્ષ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળ્યો છે. હિન્દુ શાસ્ત્રમાં શિવરાત્રીનું મહત્વ અનેરૂ છે. ત્યારે દરેક લોકોએ પોતાના પરિવારજનો તથા મિત્ર વર્તુળ સાથે શિવરાત્રી પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી.

રાજકોટના પૌરાણિક રામનાથ મહાદેવ મંદિરના મહંત નિશાંતગિરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, રામનાથ મહાદેવ મંદિર ૫૦૦ વર્ષ જૂનું સ્વયંભૂ મંદિર છે. શિવરાત્રીનું મહાપર્વ હોવાથી ભક્તોમાં અનોખી આસ્થા અને શ્રદ્ધા જોવા મળી રહી છે. અહીં સવારે પાંચ વાગ્યાથી જલાભિષેકનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બપોરે ૧૨ વાગ્યે મહાપૂજા અને સાંજે ૪ વાગ્યે શણગાર દર્શન, તેમજ ૭.૩૦ વાગ્યે મહા આરતી થશે. જે બાદ રાત્રે ૯ વાગ્યે મહાદેવની વિશેષ પૂજા અને રાત્રે ૧૨ વાગ્યે આરતી કરવામાં આવી હતી.

### જૂની અદાવતના ખારમાં વોશરૂમથી શરૂ થયેલો હુમલો રૂમ સુધી પહોંચ્યો

# MG હોસ્ટેલમાં LLBના છાત્ર સહિત ૨ ઉપર હિચકારો હુમલો

## હુમલામાં પાઈપ અને ફાયર સેફટીની બોટલનો કર્યો ઉપયોગ : ઇજાગ્રસ્તોમાં એક LLBના વિદ્યાર્થીનો સમાવેશ : યુનિવર્સિટી પોલીસમાં ૩ સામે ગુનો



રાજકોટ,તા.૧૫

રાજકોટઃ શહેરના કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલની પાછળ આવેલી એમ.જી. હોસ્ટેલમાં આજે સવારે લોહિયાળ ઝપાઝપીની ઘટના બની હતી. જૂની અદાવતનો ખાર રાખીને એક શખ્સ અને તેના અજાણ્યા સાથીદારોએ હોસ્ટેલમાં ઘુસીને કૈલાશ પરમાર અને કાયદાનો અભ્યાસ કરતા દિવ્યેશભાઈ રમેશભાઈ સોસા પર લોખંડના પાઈપ, લાકડાના ધોકા અને ફાયર સેફ્ટીના બાટલા વડે હિંસક હુમલો કર્યો હતો.

ફરિયાદી દિવ્યેશભાઈના જણાવ્યા અનુસાર, આજે સવારે સાડા સાત વાગ્યાની આસપાસ તેઓ જ્યારે વોશરૂમમાં હતા ત્યારે તેમનો મિત્ર કૈલાશ પણ ત્યાં હાજર હતો. આ સમયે ભરત જગુભાઈ જાદવ અને તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ ગાળો આપી હુમલો શરૂ કર્યો હતો. દિવ્યેશ વચ્ચે પડતા આરોપીઓએ તેને પણ નિશાન બનાવ્યો હતો. હુમલાખોરોથી બચવા દિવ્યેશ પોતાના રૂમમાં ભાગ્યો હતો, પરંતુ હુમલાખોરોએ રૂમનો દરવાજો તોડી અંદર ઘુસીને બેરહેમીથી માર માર્યો હતો.

હુમલાખોરોનો આતંક એટલો હતો કે દિવ્યેશ રૂમમાંથી ભાગીને હોસ્ટેલના ભોજનાલયના રસોયાના ક્વાર્ટર પાસે પહોંચ્યો, તો ત્યાં પણ આરોપીઓએ પીછો કરી તેને આંતરી લીધો હતો. આરોપીઓએ લોખંડના પાઈપ અને ફાયર સેફ્ટીના બાટલા ઝીંકી દિવ્યેશને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલામાં કૈલાશ પરમારને પણ ઈજાઓ થઈ હતી.

હુમલા પાછળનું કારણ જણાવતા દિવ્યેશભાઈએ જણાવ્યું કે, અગાઉ ભરત જાદવ અને તેના ભાઈ મયુર સાથે કૈલાશની બોલાચાલી થઈ હતી. તે સમયે સમાધાન કરાવવા જતાં થયેલી ઝપાઝપીમાં સ્વબચાવમાં મયુરને માથામાં ઈજા થઈ હતી. આ વાતનો ખાર રાખીને આજે ભરત અને તેના સાથીદારોએ જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ સમયે હોસ્ટેલના હાઉસ માસ્ટર જોષીભાઈ પણ હાજર હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

### ઈજાગ્રસ્તો સિવિલ હોસ્પિટલમાં દાખલ

બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દિવ્યેશ અને કૈલાશને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દિવ્યેશને માથાના ભાગે કાનની પાછળ ટાંકા આવ્યા છે અને શરીરના અન્ય ભાગે મુંઢ માર વાગ્યો છે. આ મામલે ગાંધીગ્રામ–૨ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલે હોસ્પિટલ પહોંચી દિવ્યેશની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ બનવાનુ કારણ એવુ છે કે ભરત જગુભાઈ જાદવ તથા તેના ભાઈ મયુરભાઈ ને મારા મિત્ર કૈલાશ પરમાર સાથે બોલાચાલી થયેલ હતી અને ત્યારે ફરીયાદી આ બાબતે ભરત તથા મયુરને સમજાવા જતા બધા વચ્ચે ઝપાઝપી થયેલ અને ત્યારે સ્વ બચાવમા માથાના ભાગે મયુરને ઈજા થયેલ હતી તે વાતનો ખાર રાખી તેના ભાઈ ભરતભાઈ તથા તેની સાથેના અજાણ્યા વ્યકતિઓએ ફરિયાદીને માર મારેલ હતો.



### T20 વર્લ્ડ કપમાં ૮મી વાર પાકને પછાડતું ભારત

# પાકિસ્તાન સામે ભારતનો ૬૧ રને વિજય

## ઈશાનના તોફાની ૭૭ રન : સુપર-૮ ટીમમાં ભારત ક્વોલીફાઈ

કોલંબો, તા.૧૫

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે આજે ૧૭૬ રનના ટાર્ગેટને ચેઝ કરતા, પાકિસ્તાની ટીમ ૧૮ ઓવરમાં ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઉસ્માન ખાને સૌથી વધુ ૪૪ રન બનાવ્યા. ભારત તરફથી જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને હાર્દિક પંડ્યાએ બે-બે વિકેટ લીધી.

અગાઉ, ટોસ હારતા પહેલી બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૭૫ રન બનાવ્યા. ભારત તરફથી સૌથી વધુ ઈશાન કિશને ૪૦ બોલમાં ૭૭ રન ફટકાર્યા. કેપ્ટન સૂર્યાએ ૩૨ રન બનાવ્યા. જ્યારે શિવમ દુબેએ ૨૭ રન બનાવ્યા. પાકિસ્તાન તરફથી સૌથી વધુ સૈમ અયુબે ૩ વિકેટ લીધી. જ્યારે ઉસ્માન તારિક, કેપ્ટન સલમાન અલી આગા અને શાહીન આફ્રિદીએ ૧-૧ વિકેટ લીધી હતી.

આજની જીત સાથે, ભારતીય ટીમ સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ગઈ. ભારતીય ટીમ સતત ત્રણ જીત સાથે ગ્રુપ-અ પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ છે. ભારતે ઝ૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનને ૬૧ રનથી હરાવ્યું. ટુર્નામેન્ટના ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ પાકિસ્તાન પર ભારતનો આ સૌથી મોટો વિજય છે. ઉપરાંત આ સાથે જ ઝ૨૦ વર્લ્ડ કપમાં ભારતે આઠમીવાર પાકિસ્તાનને હરાવ્યું છે.

### બે લાખ નવી MPACS, ડેરી – મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપના–મુખ્ય પહેલોની કરાશે સમીક્ષા

# સહકાર મંત્રીઓની કાલે મંથન બેઠક

## કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને આયોજન : મહાત્મા મંદિર ખાતે યોજાનાર બેઠકમાં તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ અને સચિવઓ થશે સહભાગી



ગાંધીનગર,તા.૧૫

'સહકારથી સમૃદ્ધિ'ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક અને આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને આવતીકાલે તા.૧૭મીએ રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક'નું આયોજન કરાયું છે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો આશય જાહેર કરાયો છે.

બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (MPACS), ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે. તદુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવનાર હોવાનું જણાવાયું છે.

બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL), નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)માં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવાય છે.

રાજ્યના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહારક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને NDDBના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ (SSE) અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનવાનું મનાય છે.

### રાજ્યો વચ્ચે વધારાશે ગાઢ સંકલન

ઉપરાંત, PACS અને RCS કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ અને તાલીમ તેમજ નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)ની યોજનાઓના અમલીકરણ અંગે રાજ્યોની અપેક્ષાઓ પર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.'મંથન બેઠક' સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને કેન્દ્ર તેમજ રાજ્યો વચ્ચે ગાઢ સંકલન વધારશે, જેનાથી સહકારી સંસ્થાઓ પાયાના સ્તરે સમૃદ્ધિ, રોજગાર નિર્માણ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનશે.

# દળનું બળ

## વેલેન્ટાઇન-ડેએ મેદાનમાં આવે બાદમાં ઘેનની ગોળી ખાઈને...



રાજકોટની રંગીલી ગલીઓમાં વેલેન્ટાઇન-ડે નિમિત્તે ફરી એકવાર 'દળનું બળ' જોવા મળ્યું. બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો લાકડીઓ સાથે મેદાનમાં ઉતરી આવ્યા. જાહેર બગીચાઓ અને કાફેમાં પ્રેમી પંખીડાઓને ભગાડવા માટે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું. ભારતીય સંસ્કૃતિના રક્ષણના માટે દર વર્ષે આ દ્રશ્યો જોવા મળે છે. સંગઠનો દાવો કરે છે કે તેઓ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ સામે લડી રહ્યા છે.

વૈચારિક આક્રમણ સામે જાગૃત થવું ચોક્કસ જરૂરી છે. પરંતુ આ સંગઠનોની કાર્યપદ્ધતિ હવે પ્રશ્નોના ઘેરામાં છે. વેલેન્ટાઇન-ડે જેવા એક દિવસીય ઉત્સવ પર લાઠીઓ વીંઝતું બજરંગ દળ બાકીના દિવસોમાં ક્યાં ગાયબ થઈ જાય છે? શહેરના અનેક વિસ્તારોમાં 'લવ જેહાદ' અને ધાર્મિક શંકાસ્પદ પ્રવૃત્તિઓ ફલીફાલી રહી છે. ગંભીર મુદ્દાઓ પર આ સંગઠનોની નિર્ણાયક સક્રિયતા દેખાતી નથી. જ્યારે કોઈ ગંભીર સામાજિક સમસ્યા સામે આવે, ત્યારે આ સંગઠનો જાણે 'ઘેનની ગોળી' ખાઈને ઊંઘી જતા હોય તેવું લાગે છે.

રાજકોટ જેવા શહેરોમાં નશાખોરીનું દૂષણ યુવા પેઢીને બરબાદ કરી રહ્યું છે. ડ્રગ્સ અને અન્ય નશીલા પદાર્થોનું વેચાણ ખુલ્લેઆમ વધ્યું છે. આવા પાયાના અને જીવલેણ મુદ્દાઓ પર બજરંગ દળની કોઈ મોટી મુહિમ કે આક્રમકતા જોવા મળતી નથી. શું માત્ર પ્રેમી યુગલોને ડરાવવા એ જ હિન્દુત્વનું રક્ષણ છે? સાચા જોખમો સામે લડવાને બદલે સહેલા ટાર્ગેટ શોધવા એ વિચિત્ર માનસિકતા છે.

સામાન્ય હિન્દુ પરિવારો આજે અસુરક્ષિત અનુભવે છે. પોતાની દીકરી કે પરિવારની સુરક્ષા માટે તેઓ આ સંગઠનો પાસે આશા રાખે છે. પરંતુ જ્યારે ખરેખર જરૂર હોય ત્યારે આ સંગઠનો મેદાનમાં હોતા નથી. મધ્યમવર્ગીય પરિવારો અસામાજિક તત્વોથી ફફડે છે, પણ તેઓ નિરાધાર બની જાય છે. વેલેન્ટાઇન-ડે પર દેખાડા પૂરતું શૌર્ય બતાવવા કરતા, સમાજની અંદર ઘર કરી ગયેલી બદીઓ સામે લડવું વધુ જરૂરી છે.

સંગઠનોએ માત્ર હેડલાઈન્સ મેળવવા માટે કામ કરવાને બદલે પાયાની સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ. સમાજને લાઠીધારી ટોળકીની નહીં, પણ સુરક્ષા આપનારા સાચા રક્ષકોની જરૂર છે. જનતાનો વિશ્વાસ આ સંગઠનોએ દ્રઢ કરવો જરુરી છે.

# ભારત-US કરારે અર્થતંત્ર માટે સ્ટેજ કર્યો સેટ

## FPI ૨૦,૦૦૦ કરોડના રોકાણ જેકપોટ સાથે બજારમાં પ્રવેશ્યું




નવીદિલ્હી, તા. ૧૫

અમેરિકા-ભારત વેપાર કરારે માત્ર વૈશ્વિક વેપારના લેન્ડસ્કેપમાં જ પરિવર્તન લાવ્યું નથી, પરંતુ ભારતીય શેરબજારના ભાગ્યમાં પણ પરિવર્તન લાવ્યું છે. ફેબ્રુઆરીમાં, વિદેશી રોકાણકારોએ ફરી એકવાર ભારતીય શેરબજારમાં પોતાનો વિશ્વાસ પાછો ખેંચ્યો છે અને ભારે રોકાણ કર્યું છે.

અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ ફેબ્રુઆરીમાં લગભગ ₹૨૦,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે. અગાઉ, વિદેશી રોકાણકારોએ સતત ત્રણ મહિના સુધી શેરબજારમાંથી નોંધપાત્ર રકમ પાછી ખેંચી લીધી હતી. ચાલુ વર્ષમાં, વિદેશી રોકાણકારોએ ₹૧૬,૦૦૦ કરોડથી વધુ રકમ પાછી ખેંચી લીધી છે, જે જાન્યુઆરીમાં ₹૩૫,૦૦૦ કરોડથી વધુ હતી. ચાલો ગર્જઉક દ્વારા રજૂ કરાયેલા આંકડા પણ શેર કરીએ.

અમેરિકા-ભારત વેપાર કરાર પછી, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ ફેબ્રુઆરીના પહેલા બે અઠવાડિયામાં ભારતીય શેરબજારમાં ₹૧૯,૬૭૫ કરોડનું રોકાણ કર્યું હતું.

ડિપોઝિટરી ડેટા અનુસાર, ઋઙ્ઈતનો આ પ્રવાહ સતત ત્રણ મહિનાની ભારે વેચવાલી પછી આવે છે. FPIs એ જાન્યુઆરીમાં ભારતીય શેરબજારમાંથી ₹૩૫,૯૬૨ કરોડ, ડિસેમ્બરમાં ₹૨૨,૬૧૧ કરોડ અને નવેમ્બરમાં ₹૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. એકંદરે, ૨૦૨૫ માં, FPIs એ ભારતીય ઇક્વિટીમાંથી ₹૧.૬૬ લાખ કરોડ (૧૮.૯ બિલિયન) ની ચોખ્ખી રકમ પાછી ખેંચી લીધી છે. ઋઙ્ઈત ના પ્રવાહ માટે આ સૌથી ખરાબ વર્ષોમાંનું એક રહ્યું છે. માહિતી અનુસાર, FPIs એ આ મહિને (૧૩ ફેબ્રુઆરી સુધીમાં) ઇક્વિટીમાં ₹૧૯,૬૭૫ કરોડનું રોકાણ કર્યું છે.

મોર્નિંગસ્ટાર ઇન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઇન્ડિયાના પ્રિન્સિપાલ મેનેજર - રિસર્ચ, હિમાંશુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે તાજેતરની ખરીદીને વૈશ્વિક મેક્રો ચિંતાઓ, ખાસ કરીને નરમ યુએસ ફુગાવાના ડેટા દ્વારા ટેકો મળ્યો હતો, જેણે વ્યાજ દર ચક્ર પ્રત્યે સકારાત્મક ભાવના પેદા કરી હતી, જેનાથી બોન્ડ યીલ્ડ અને યુએસ ડોલર સ્થિર કરવામાં મદદ મળી હતી. આનાથી ભારત સહિત ઉભરતા બજારોમાં જોખમની ભૂખમાં સુધારો થયો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે, સ્થિર મેક્રો સૂચકાંકો, સ્થિર ફુગાવો અને લગભગ સતત કોર્પોરેટ કમાણીએ ભારતના વિકાસના દૃષ્ટિકોણમાં વિશ્વાસ મજબૂત બનાવ્યો હતો. એન્જલ વનના સિનિયર પ્રિન્સિપાલ એનાલિસ્ટ વકાર જાવેદ ખાને સમાન લાગણીઓનો પડઘો પાડતા કહ્યું કે આ રોકાણ પ્રવાહ યુએસ-ભારત વેપાર કરાર, નાણાકીય ઉત્તેજના સાથે સહાયક કેન્દ્રીય બજેટ ૨૦૨૬, વૈશ્વિક વેપાર અનિશ્ચિતતાઓમાં ઘટાડો અને સ્થિર સ્થાનિક દરો દ્વારા પ્રેરિત હતો.

આમ છતાં, ડેટા દર્શાવે છે કે ઋઙ્ઈત એ આ મહિને અત્યાર સુધીમાં ₹૧,૩૭૪ કરોડના શેર વેચ્યા છે. ૧૩ ફેબ્રુઆરીના રોજ નિફ્ટીના ૩૩૬ પોઇન્ટના ઘટાડાને કારણે ₹૭,૩૯૫ કરોડનો મોટો વેચાણ થયો હતો, જેના કારણે એકંદર આંકડા પર અસર પડી હતી. ''માનવસર્જિત કટોકટી'' કહેવાતી વચ્ચે આ અઠવાડિયે IT શેરોમાં પણ ભારે વેચવાલી જોવા મળી હતી. જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે ૧૩ ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન IT ઇન્ડેક્સ ૮.૨ ટકા ઘટ્યો હોવાથી FPIs એ રોકડ બજારમાં IT શેરોનું આક્રમક વેચાણ કર્યું હોવાની શક્યતા છે.

# તામિલનાડુમાં શશીકલા ઉભો કરશે રાજકીય પક્ષ

## વિધાનસભા ચૂંટણી પહેલા, AIADMK ને મોટો ઝટકો



નવીદિલ્હી, તા. ૧૫

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા, AIADMK ને મોટો ઝટકો લાગ્યો છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના નજીકના મિત્ર વીકે શશિકલા એક નવો રાજકીય પક્ષ બનાવી રહ્યા છે. તેઓ લાંબા સમયથી સક્રિય રાજકારણથી દૂર છે, અને હવે અહેવાલો સૂચવે છે કે તેઓ વાપસીની તૈયારી કરી રહ્યા છે. આ સંદર્ભમાં, તેઓ છેલ્લા કેટલાક દિવસોથી પોઇસ ગાર્ડનમાં તેમના ઘરે AIADMK અને AMMK ના વિવિધ અધિકારીઓ સાથે મુલાકાત અને ચર્ચા કરી રહ્યા છે. ચેન્નાઈના પોઇસ ગાર્ડનમાં શશિકલા સાથે મુલાકાત કરનારા સમર્થકોને સમર્થકનું નામ, વિગતો અને તેમના અગાઉના પક્ષના હોદ્દાઓમાં જવાબદારીઓ ધરાવતું ફોર્મ આપવામાં આવ્યું હતું.

શશિકલા તેમના સમર્થકોના મંતવ્યો સાંભળી રહ્યા છે. જયલલિતાના મૃત્યુ પછી, તેઓ ફેબ્રુઆરી ૨૦૧૭ માં AIADMK ના મહાસચિવ બન્યા. મુખ્યમંત્રી બનતા પહેલા, શશિકલાને અપ્રમાણસર સંપત્તિના કેસમાં ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને તેમને બેંગલુરુની પરપ્પાના અગ્રાહાર જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલમાં જતા પહેલા તેમણે એડપ્પાડી પલાનીસ્વામીને મુખ્યમંત્રી જાહેર કર્યા અને જેલમાંથી બહાર આવ્યા. એડપ્પાડી પલાનીસ્વામી બાદમાં મુખ્યમંત્રી બન્યા. તેઓ ઓ. પનીરસેલ્વમને પણ પોતાની સાથે લાવ્યા અને તેમને નાયબ મુખ્યમંત્રી બનાવ્યા. શશિકલા ચાર વર્ષની સજા પૂરી કરીને જેલમાંથી બહાર આવ્યા ત્યાં સુધીમાં રાજકીય પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ હતી. પરિણામે, તેઓ રાજકારણથી દૂર રહ્યા અને સમયાંતરે તેમના સમર્થકો સાથે મુલાકાત કરતા રહ્યા.

તાજેતરમાં જ એઆઈએડીએમકેમાંથી હાંકી કાઢવામાં આવેલા સેંગોટ્ટૈયન પણ વિજયની થાવેકા પાર્ટીમાં જોડાયા છે. હાલમાં, ઓ. પનીરસેલ્વમ અને શશિકલા એઆઈએડીએમકે છોડનારા એકમાત્ર વ્યક્તિ છે. એવા અહેવાલો છે કે શશિકલાએ અલગ પાર્ટી બનાવવાનો નિર્ણય લીધો છે. એએમએમકેના ઘણા અગ્રણી નેતાઓએ શશિકલા સાથે મુલાકાત કરી છે અને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે. અહેવાલો અનુસાર, શશિકલા ૨૪ ફેબ્રુઆરીએ પોતાની નવી પાર્ટી શરૂ કરશે. તે જ દિવસે પાસમ્પોનમાં એક મોટી જાહેર સભા યોજાશે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, તેઓ તેમના નવા પક્ષના નામ અને નીતિઓની સત્તાવાર જાહેરાત કરે તેવી અપેક્ષા છે. તે જ દિવસે પક્ષનો ધ્વજ પણ લોન્ચ કરવામાં આવશે.

AIADMK પહેલાથી જ વિભાજિત થઈ ગયું હોવાથી, શશિકલાનો નવો પક્ષ બનાવવાનો નિર્ણય AIADMK માટે મોટો ફટકો છે. ખાસ કરીને, દક્ષિણ જિલ્લાઓના પ્રભાવશાળી પાસમ્પોન મતવિસ્તારમાંથી તેઓ પોતાની રાજકીય સફર શરૂ કરશે તેવા સમાચારને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આગામી ચૂંટણીઓ પર આની શું અસર પડશે તે જોવાનું બાકી છે.

# વડાપ્રધાન મોદી નહીં જાય બાંગ્લાદેશ

## તારીક રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં લોકસભાના સ્પીકર ઓમ બિરલા ભારતનું કરશે પ્રતિનિધિત્વ

નવીદિલ્હી, તા. ૧૫

બાંગ્લાદેશની ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (ઇગઙ) ના ઐતિહાસિક વિજય બાદ, ઇગઙ પ્રમુખ તારિક રહેમાનના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શપથ ગ્રહણ સમારોહ માટે એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બાંગ્લાદેશે પીએમ મોદીને આમંત્રણ આપ્યું છે. સૂત્રો સૂચવે છે કે પીએમ મોદી તારિક રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે નહીં. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા ૧૭ ફેબ્રુઆરીએ ઢાકા પહોંચશે. શપથ ગ્રહણ સમારોહ ૧૭ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ રાષ્ટ્રીય સંસદ ભવનના દક્ષિણ પ્લાઝા ખાતે યોજાશે. રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં તેર દેશોને આમંત્રણ આપવામાં આવ્યું છે. રાજદ્વારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આમંત્રિત દેશોની યાદીમાં હાલમાં ભારત, ચીન, પાકિસ્તાન, સાઉદી અરેબિયા, તુર્કી, સંયુક્ત આરબ અમીરાત, કતાર, મલેશિયા, બ્રુનેઈ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભૂટાનનો સમાવેશ થાય છે.

બાંગ્લાદેશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સમારોહમાં આમંત્રણ આપ્યું છે, પરંતુ કોઈ કારણોસર, પ્રધાનમંત્રી મોદી બાંગ્લાદેશનો પ્રવાસ કરશે નહીં. એવા અહેવાલ છે કે વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી ૧૭ ફેબ્રુઆરીએ લોકસભા અધ્યક્ષ સાથે ઢાકામાં હાજર રહેશે. બાંગ્લાદેશમાં શેખ હસીનાના નેતૃત્વ હેઠળના આવામી લીગ સરકારના પતન પછી, ૧૨ ફેબ્રુઆરીએ સંસદીય ચૂંટણીઓ યોજાઈ હતી, જેમાં ઇગઙ એ જબરદસ્ત વિજય મેળવ્યો હતો. તારિક રહેમાનના નેતૃત્વ હેઠળના ઇગઙ ગઠબંધને સંસદમાં ૨૯૯ બેઠકોમાંથી ૨૧૨ બેઠકો જીતીને બે તૃતીયાંશ બહુમતી મેળવી હતી. જમાત-એ-ઈસ્લામી (ઉંયઈ) ગઠબંધન ૭૭ બેઠકો સાથે બીજા સૌથી મોટા જૂથ તરીકે ઉભરી આવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ ફેબ્રુઆરીએ ઇગઙ પ્રમુખ તારિક રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે નહીં. અહેવાલ છે કે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા ઙખ મોદીના સ્થાને બાંગ્લાદેશ જશે.

### ગુજરાતમાં અમિત શાહે રાહુલ ગાંધી પર ખેડૂતોને લઈ કર્યા શાબ્દિક પ્રહારો

# વર્તમાન સરકારે કોંગ્રેસ સરકાર કરતા ૧૫ ગણું વધુ અનાજ ખરીદ્યું

નવીદિલ્હી તા. ૧૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને તેના નેતૃત્વ હંમેશા જુઠ્ઠું બોલે છે અને જનતાને ગેરમાર્ગે દોરે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સંસદમાં ખેડૂતો વિશે વાત કરે છે. જોકે, તેમણે એ પણ જાહેર કરવું જોઈએ કે મનમોહન સિંહ સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ખેડૂતો પાસેથી કેટલું અનાજ ખરીદવામાં આવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે તેમને એ પણ જાણવું જોઈએ કે નરેન્દ્ર મોદી સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન કેટલું અનાજ ખરીદવામાં આવ્યું હતું. અમિત શાહે દાવો કર્યો હતો કે વર્તમાન સરકારે કોંગ્રેસ સરકાર કરતા ૧૫ ગણું વધુ અનાજ ખરીદ્યું છે. રાહુલ ગાંધી આ હકીકતથી અજાણ હોય તેવું લાગે છે. તેઓ ફક્ત દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ખેડૂતોનું બજેટ ફક્ત ૨૬,૦૦૦ કરોડ રૂપિયા હતું, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તે વધારીને ૧,૨૯,૦૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું હતું.

અમિત શાહે રાહુલ ગાંધીને ખુલ્લેઆમ પડકાર ફેંકતા કહ્યું કે તેઓ કોઈપણ પ્લેટફોર્મ પસંદ કરી શકે છે, પરંતુ ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રમુખ તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છે કે ખેડૂતોને ખરેખર કોણે નુકસાન પહોંચાડ્યું. તેમણે ઉમેર્યું કે મોદી સરકારે દરેક કરારમાં ખેડૂતોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અમિત શાહના મતે, કોંગ્રેસે ૭૦ વર્ષમાં ફક્ત એક જ વાર લોન માફીને લટકાવીને ખેડૂતોને ગેરમાર્ગે દોર્યા છે, જ્યારે મોદી સરકાર છેલ્લા ૧૦ વર્ષથી ખેડૂતોના બેંક ખાતામાં વાર્ષિક ₹૬,૦૦૦ સીધા ટ્રાન્સફર કરી રહી છે, જેનાથી લોનની જરૂરિયાત દૂર થઈ ગઈ છે. ગૃહમંત્રી અમિત શાહે રાહુલ ગાંધી પર વેપાર સોદાઓના મુદ્દે દેશને ગેરમાર્ગે દોરવાનો પણ આરોપ લગાવ્યો. શાહે જણાવ્યું હતું કે ઇંગ્લેન્ડ, યુરોપિયન યુનિયન (ઊઞ) અને યુનાઇટેડ સ્ટેટ્સ સાથેના કરારોમાં ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવ્યું છે. તેમણે ખાસ કરીને ડેરી ક્ષેત્ર અંગેની ચિંતાઓને ફગાવી દીધી હતી.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## શિવ એટલે જીવ ની અધ્યાત્મિક યાત્રાના અંતે પ્રાપ્ત થતી પૂર્ણ પરાકાષ્ઠાની સ્થિતિ!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! શિવ તત્વ વિશે તો જેટલું લખીએ તેટલું ઓછું! ઘણીવાર તો આંખો શ્રાવણ ચાલ્યો જાય, છતાં એમ થાય કે હજી એવું કંઈ લખ્યું જ નથી, એવાં સતત પ્રેરણાદાયી ચરિત્રની મહત્તા આપણે ભોગી જીવ કેમ વર્ણવી શકીએ! શિવરાત્રીનો તહેવાર પૂર્ણ થયો, આ મહિનામાં શક્તિ અને શિવ બંનેનું મહાત્મ્ય ગાવાનો અવસર મળ્યો! આપણે ગઈકાલે જોયું એમ, આપણામાં પણ ત્રણ ભિન્ન કક્ષામાં શિવ, શંભુ અને શંકરનું સત્વ તત્વ ભ્રમણ કરે છે. ભગવાન શંકર એનાં ઘણાં નામ અને ગુણને કારણે ઓળખાય છે, પણ એમની એક ઉપલબ્ધિ એવી છે કે, આ વિશેષણ આપણે અન્ય કોઈ દેવ માટે પ્રયોજી શકતાં નથી, અને એ છે અજન્મા! અજન્મા એટલે એવું તત્વ જે કોઈ માતાની કૂખે જન્મતું નથી, પણ પ્રગટ થાય છે! એને ઉંમર સાથે પણ કંઈ લેવાદેવા નથી! અને એટલે આપણે આજે ઉંમરનાં જે મુકામ પર હોઈએ ત્યાં, એને કલ્યાણનાં માધ્યમથી પ્રગટ કરી શકીએ છીએ! તો આવાં કળિયુગની ભયંકરતા માં જીવનમાં નાનાં મોટાં ફેરફારો કરીને, અથવા તો ખોટું ન થાય, એ માટે જાગૃત રહીને પણ આપણે એનાં ગુણોને આત્મસાત કરી શકીએ છીએ, અને ધીરેધીરે સતયુગ તરફ ડગલું ભરી શકીએ છીએ. ભગવાન શંકર કરુણા અવતાર છે, અને એમનો મૂળ સ્વભાવ કરુણા છે, તો આજે આ વાતને જુદી રીતે સમજીએ. શિવ એટલે જીવની અધ્યાત્મિક યાત્રાના અંતે પ્રાપ્ત થતી પૂર્ણ પરાકાષ્ઠાની સ્થિતિ, કે જ્યાં જીવ જ શિવ તત્વમાં ફેરવાઈ જાય છે. આ લખવું અને કહેવું એ જેટલું સહેલું છે, એટલું કરવું બહુ અઘરું છે, શિવ થવાનું વિચારી એટલે શકાય કે શિવ પણ આપણી જેમ સંસારી છે. પરંતુ જીવ પૂર્ણ પણે સંસારી અને ભોગી છે, અને એને ભગવાન શંકરની સ્થિતિએ લઈ જવાનો છે, એટલે કે એનાં સ્વભાવને આત્મસાત કરવાનો છે. ભગવાન શંકર ત્રિગુણાવતીત છે, એટલે અહીં સત્વ રજસ અને તમસની પણ બાદબાકી હોય, એવો સ્વભાવ બનાવવાનો છે, આ ઉપરાંત વિષમ પરિસ્થિતિઓનું વિષ પી ને પણ પ્રસન્ન રહેવાનું છે. વૈરાગ્યની વૃતિને કેળવીને, સ્મશાનમાં રહેવાનું છે, એટલે કે નિત્ય મૃત્યુનું સ્મરણ કરી, મૃત્યુ એ શાશ્વત સત્ય છે એને સહજ બનાવવાનું છે. અઘરું છે પરંતુ અશક્ય નથી. આપણે કહ્યું એમ ભગવાન શંકર સંસારી છે, અને એણે સંસારી હોવા છતાં સંન્યાસીના ધર્મને સહજ રીતે નિભાવ્યો છે.

પરિવારથી જ દરેકનું પરિસર બનતું હોય છે, તો એ રીતે વિચારીને ભગવાન શંકરનાં પરિવારની વાત કરીએ તો, માતા સતી એટલે કે બુદ્ધિ, તો બુદ્ધિમાં જ્યારે શંકા કે સંશયનો પ્રવેશ થાય, ત્યારે એનો પણ ત્યાગ કરવો! પાર્વતી એટલે શ્રદ્ધા! તો એને પ્રેમ માન સન્માન આપવું, એટલે કે શ્રદ્ધાની પુષ્ટિ કરવી. ગણેશ એટલે પરિપક્વ વિવેક પણ જ્યારે વિવેકનાં નામ પર બગાવત કરે તો એને પણ અહંકાર મુક્ત કરવા એનો છેદ કરવો. કાર્તિકેય એટલે શૂરવીરતા,પણ આપણાં બળ પર અહમ આવે ત્યારે એને નાથવું બહુ જરૂરી છે. ભગવાન શંકરનું વાહન નંદી એટલે કે ધર્મનાં વાહન પર બેસીને જીવન વિચરણ કરવું! અને સદા સૌ માનવતાનાં ધર્મ પ્રેરિત થાય એવો વ્યવહાર કરવો. હવે કરુણાનો મૂળ ભાવ એટલે કે આપવાની વૃત્તિ! આપણી માટે આમ તો આપવા માટે કંઈ એવું છે નહીં! છતાં ઈશ્વરે થોડું ઘણું કંઈ આપ્યું હોય, તો સામેવાળાના ગુણ દુર્ગુણ જોયા વગર એની જરૂરિયાતને મહત્વ આપી એને આપવું એ શંકરનો પહેલો સ્વભાવ છે. સમગ્ર સૃષ્ટિનાં હીતનું તો આપણે કેટલું વિચારી શકીએ! આપણા આચરણની તો ઠીક પણ વિચારની એક મર્યાદા છે! પરંતુ છતાં સમસ્ત સૃષ્ટિના હીત માટે સતત પ્રયત્નશીલ રહેવું, જેમકે પ્રકૃતિ સંવર્ધન વિશે પણ વિચારવું! સામાન્ય રીતે દ્રષ્ટિથી જે દેખાતું હોય એ જ સત્ય નથી, એવી સમજણ કેળવવી, અને અન્ય સાથેનો વ્યવહાર સુમધુર રાખવો એ ત્રિનેત્રીનો મૂળ લક્ષણ છે, એટલે કે સમજણનું ત્રીજું નેત્ર અભ્યાસથી ખોલવું. વૈરાગ્ય પરિપક્વ થાય એ માટે સત્ય પ્રેમ ને કરુણાનું ત્રિપુંડ કરવું! આપણે સ્થૂળ રીતે તો મહાદેવના ઉપાસક છીએ એમ દર્શાવવા આવું કરતા હોઈએ છીએ, પણ સુક્ષ્મ રીતે એ સ્થિતિ તરફ જોતા પણ નથી. ગંગા ને જટામાં સમાવી એટલે કે સાંસારિક વૃત્તિઓમાં પવિત્રતા રાખવી. ભાલમાં બીજનો ચંદ્ર એટલે કલા કે વિદ્યાની પ્રગતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેને પૂર્ણતા બક્ષવી. સામાજિક નિંદા ઈર્ષા કે અન્યના અન્ય પ્રકારના દૂષિત ભાવને બહાર જ રોકી દેવા અંદર પ્રવેશે નહીં, તેનું સતત ધ્યાન રાખવા સર્પનો શણગાર કર્યો. ડમરુંનો નાદ પોતે શંકર છે, એને અન્યથી કોઈ લેવાદેવા નથી, એવી મસ્તીમાં રાખવા માટે છે. ત્રિશૂલ એટલે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું મુખ્ય શૂળ, ભોગની લાલસા, એને નાથવા માટે. વાઘ ચર્મ પર આસન એટલે હિંસક વૃત્તિની સમાપ્તિ,અને અહિંસાનું આચરણ. તો ભારતીય અધ્યાત્મદર્શનમાં જીવનું શિવ થવું એ શક્ય બતાવ્યું છે, અને જે ઈશ્વર નામે અધ્યાર તત્વ છે, એને આપણી અંદર જ મહેસુસ કરવાનું છે, અને એટલે જ અહમ બ્રહ્માસ્મીની વાત પણ આવી. આ સૂત્ર એક ખુમારી દર્શાવે છે, નહીં કે અહમ! પરંતુ આપણે એવી સ્થિતિ અર્જિત કર્યા વગર અહમ બ્રહ્માસ્મી થઈ, અને સમાજમાં આતંક ફેલાવીએ છીએ, જેને કારણે સામાજિક અશાંતિ છે. શિવ તત્વની પ્રાપ્તિ કે અનુભૂતિ એ અંતરને પ્રકાશિત કરનારી છે, અને એ આપણી અંદરના નકારાત્મકતા રુપી અંધકાર ને દૂર કરી ઈશ્વરમાં ઓતપ્રોત થઈ જતી એક એવી સ્થિતિ છે, કે જ્યાં દર્શન માત્રથી પવિત્રતાનો અનુભવ થાય,અને સર્વનાં કલ્યાણ માટેનો વિચાર આવે! આ ઉપરાંત જ્યાં સંસારમાં પણ સહજતાથી સંન્યાસ નિભાવી શકાય છે! અને સંન્યાસ એટલે વૃત્તિનો પરમ વૈરાગ્ય, સંન્યાસ એટલે જ્યાં મારું મારું સમાપ્ત, સંન્યાસ એટલે ગુણ દુર્ગુણની સમાપ્તિ, એટલેકે સર્વનો સ્વીકાર! બુદ્ધિની અનુગામી કક્ષા કે જ્યાં સરળ શ્રદ્ધા નું સ્થાપન, પરિપક્વ વિવેક,અને સંસ્કૃતિ ના રક્ષણ માટેની શૂરવીરતા હોય! તો શિવ, શંકર બંને ભિન્ન હોવા છતાં આપણે એ સ્થિતિ નિર્માણ કરીને શિવત્વ પ્રાપ્ત કરી શકીએ છીએ! આપણી સંસ્કૃતિ જ છે, કે જ્યાં માનવી પણ ઈશ્વરની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે છે! તો આવી ઉમદા વિચારો ના પાયા પર ઉભેલી આપણી મહાન સંસ્કૃતિ મુકીને આપણે શું કામ અન્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવું જોઈએ? બિલકુલ નહીં! જાગ્યા ત્યારથી સવાર! એ કહેવત અનુસાર આપણે સૌ આપણી સંસ્કૃતિને મહત્વ આપી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ૨૦૩૪નું અમોઘ અસ્ત્ર

## આવતા દસ વર્ષે AI ક્ષેત્રે સર્જાશે ક્રાંતિ : યોગ્ય વપરાશ આશીર્વાદરૂપ નહિતર સમાજ માટે સૌથી મોટું દૂષણ ?

રાજકોટ, તા. ૧૫

૧૯૫૦ના દાયકામાં વિચારશીલ મશીનો વિશે ટ્યુરિંગની આગાહીઓએ કૃત્રિમ બુદ્ધિ (AI) માં અનુગામી વિકાસ માટે દાર્શનિક પાયો નાખ્યો. ૧૯૮૦ અને ૨૦૦૦ના દાયકામાં હિન્ટન અને લેકન જેવા ન્યુરલ નેટવર્ક પ્રણેતાઓએ જનરેટિવ મોડેલ્સ માટે માર્ગ મોકળો કર્યો. બદલામાં, ૨૦૧૦ના દાયકાની ડીપ લર્નિંગ તેજીએ નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (ગકક), ઈમેજ અને ટેક્સ્ટ જનરેશન અને ઈમેજ સેગ્મેન્ટેશન દ્વારા મેડિકલ ડાયગ્નોસ્ટિક્સમાં મોટી પ્રગતિને વેગ આપ્યો, અઈ ની ક્ષમતાઓનો વિસ્તાર કર્યો. આ પ્રગતિઓ મલ્ટિમોડલ અઈ તરફ દોરી રહી છે, જે દેખીતી રીતે કંઈપણ કરી શકે છે - પરંતુ જેમ અગાઉની પ્રગતિઓએ મલ્ટિમોડલ અઈ તરફ દોરી હતી, તેમ મલ્ટિમોડલ અઈ શું કરી શકે છે?

તેની શરૂઆતથી, જનરેટિવ AI (જનરેશન AI) વિકસિત થઈ રહ્યું છે. અમે પહેલાથી જ ઘાયક્ષઅઈ અને ખયફિં જેવા વિકાસકર્તાઓને મોટા મોડેલ્સથી નાના, ઓછા ખર્ચાળ મોડેલ્સમાં શિફ્ટ થતા જોયા છે, જે AI મોડેલ્સને ઓછા ઉપયોગ સાથે સમાન અથવા વધુ કાર્યો કરવાની મંજૂરી આપે છે. ચેટજીપીટી જેવા મોડેલ્સ વધુ બુદ્ધિશાળી બનતા અને માનવ ભાષાની ઘોંઘાટને વધુ સારી રીતે સમજતા હોવાથી પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ બદલાઈ રહ્યું છે. કકખત ને વધુ વિશિષ્ટ જ્ઞાન પર તાલીમ આપવામાં આવે છે, તેથી તેઓ ચોક્કસ ઉદ્યોગો માટે ઊંડી કુશળતા પ્રદાન કરી શકે છે અને કાર્યોમાં મદદ કરવા માટે તૈયાર એજન્ટ બની શકે છે.

અઈ એ અચાનક બનતી ટેકનોલોજી નથી. તે કોઈ તબક્કો નથી. ૬૦ થી વધુ દેશોએ અઈ ના ફાયદાઓનો ઉપયોગ કરવા અને તેના જોખમોને ઘટાડવા માટે રાષ્ટ્રીય અઈ વ્યૂહરચનાઓ વિકસાવી છે. આનો અર્થ એ છે કે સંશોધન અને વિકાસમાં નોંધપાત્ર રોકાણ, જરૂરી નીતિ ધોરણો અને નિયમનકારી માળખાઓની સમીક્ષા અને અપનાવવા, અને ખાતરી કરવી કે ટેકનોલોજી વાજબી શ્રમ બજારો અને આંતરરાષ્ટ્રીય સહયોગને વિક્ષેપિત ન કરે.

માનવીઓ અને મશીનો માટે વાતચીત કરવાનું સરળ બની રહ્યું છે, જેનાથી અઈ વપરાશકર્તાઓ વધુ કાર્યક્ષમતા સાથે વધુ કાર્યો કરી શકે છે. સતત સંશોધન અને




ઑપ્ટિમાઇઝેશન દ્વારા, AI વૈશ્વિક અર્થતંત્રમાં USD ૪.૪ ટ્રિલિયન ઉમેરવાનો અંદાજ છે. હવે અને ૨૦૩૪ ની વચ્ચે, AI આપણા વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનના ઘણા પાસાઓનો આવશ્યક ભાગ બનશે. GPT-4 જેવા જનરેટિવ AI મોડેલોએ જાહેર વપરાશ માટે ઉપલબ્ધ થયાના ટૂંકા સમયમાં ખૂબ જ આશાસ્પદ પ્રદર્શન કર્યું છે, પરંતુ તેમની મર્યાદાઓ પણ જાણીતી છે. તેથી, પ્રયોગ માટે ઓપન-સોર્સ મોટા પાયે મોડેલો અને ઉપયોગમાં સરળતા અને ઓછા ખર્ચ માટે નાના, વધુ કાર્યક્ષમ મોડેલો તરફના પરિવર્તન દ્વારા AI નું ભવિષ્ય આકાર પામી રહ્યું છે.

૪૦૦ બિલિયન પરિમાણો સાથે ઓપન-સોર્સ AI મોડેલ, લામા ૩.૧ અને સંશોધન હેતુઓ માટે પ્રકાશિત મિસ્ટ્રલ લાર્જ ૨ જેવી પહેલો, અઈ પ્રોજેક્ટ્સમાં વ્યાપારી અધિકારો જાળવી રાખતી વખતે સમુદાય સહયોગને પ્રોત્સાહન આપવાના વલણને પ્રતિબિંબિત કરે છે. નાના મોડેલોમાં વધતી જતી રુચિને કારણે ૧૧ બિલિયન પેરામીટર મીની GPT 4o-મીની જેવા મોડેલોનો વિકાસ થયો છે, જે ઝડપી અને ખર્ચ-અસરકારક છે. સ્માર્ટફોન જેવા ઉપકરણોમાં એમ્બેડ કરવા માટે યોગ્ય મોડેલ ઉપલબ્ધ થાય તે પહેલાં લાંબો સમય લાગશે નહીં, ખાસ કરીને ખર્ચમાં ઘટાડો ચાલુ હોવાથી. આ પરિવર્તન મોટા, બંધ મોડેલોથી સરળ અને વધુ બહુમુખી અઈ ઉકેલો તરફના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. જ્યારે નાના મોડેલો ખર્ચ-અસરકારક અને કાર્યક્ષમ છે, ત્યારે વધુ શક્તિશાળી AI સિસ્ટમો માટેની જાહેર માંગ રહે છે, જે AI વિકાસ માટે સંતુલિત અભિગમ સૂચવે છે જે સ્કેલેબિલિટી અને સુલભતા બંનેને પ્રાથમિકતા આપે છે. આ નવા મોડેલો ઓછા સંસાધનો સાથે ઉચ્ચ ચોકસાઈ પ્રદાન કરે છે, જે તેમને એવા સાહસો માટે આદર્શ બનાવે છે જેમને વિશિષ્ટ સામગ્રી બનાવટ અથવા જટિલ સમસ્યા-નિરાકરણ ક્ષમતાઓની જરૂર હોય છે.

AI એ ઘણી મુખ્ય તકનીકોના વિકાસને પ્રભાવિત કર્યો છે. સ્વાયત્ત વાહનો અને તબીબી નિદાન જેવી તકનીકો માટે જરૂરી વધુ સચોટ છબી અને વિડિઓ વિશ્લેષણને સક્ષમ કરીને કમ્પ્યુટર દ્રષ્ટિને આગળ વધારવામાં અઈ મુખ્ય ભૂમિકા ભજવે છે.

કુદરતી ભાષા પ્રક્રિયા (NLP) માં, AI મશીનોની માનવ ભાષાને સમજવા અને ઉત્પન્ન કરવાની ક્ષમતામાં વધારો કરે છે, સંદેશાવ્યવહાર ઈન્ટરફેસમાં સુધારો કરે છે અને વધુ અદ્યતન અનુવાદ અને ભાવના વિશ્લેષણ સાધનોને સક્ષમ કરે છે.

અઈ વલણોની અપેક્ષા રાખવા અને નિર્ણયો લેવા માટે વિશાળ માત્રામાં ડેટાની પ્રક્રિયા અને અર્થઘટન કરીને આગાહી અને મોટા ડેટા વિશ્લેષણને સુપરચાર્જ કરે છે. રોબોટિક્સમાં, વધુ સ્વાયત્ત અને અનુકૂલનશીલ મશીનોનો વિકાસ એસેમ્બલી, સંશોધન અને સેવા વિતરણ જેવા કાર્યોને સરળ બનાવે છે. વધુમાં, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) માં AI-સંચાલિત નવીનતાઓ ઉપકરણોની કનેક્ટિવિટી અને બુદ્ધિમત્તાને વધારે છે, જેનાથી સ્માર્ટ ઘરો, શહેરો અને ઔદ્યોગિક સિસ્ટમો બને છે.

### AI માટે સરળ મોડેલ બનાવટનું લોકશાહીકરણ

AI વ્યક્તિગત અને વ્યાવસાયિક જગ્યાઓમાં વધુ સંકલિત થશે, જે વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ પ્લેટફોર્મ દ્વારા સંચાલિત થશે જે બિન-નિષ્ણાતોને પણ વ્યવસાય, વ્યક્તિગત કાર્યો, સંશોધન અને સર્જનાત્મક પ્રોજેક્ટ્સ માટે AI નો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. આજના વેબસાઇટ બિલ્ડરોની જેમ, આ પ્લેટફોર્મ ઉદ્યોગસાહસિકો, શિક્ષકો અને નાના વ્યવસાયોને નોંધપાત્ર તકનીકી કુશળતા વિના કસ્ટમ AI સોલ્યુશન્સ વિકસાવવામાં મદદ કરશે. API-સંચાલિત AI અને માઇક્રોસર્વિસિસ વ્યવસાયોને મોડ્યુલર રીતે તેમની હાલની સિસ્ટમોમાં અદ્યતન AI કાર્યોને એકીકૃત કરવાની મંજૂરી આપશે. આ અભિગમ વ્યાપક AI કુશળતાની જરૂર વગર કસ્ટમ એપ્લિકેશનોના વિકાસને વેગ આપશે. સાહસો માટે, સરળ મોડેલ બનાવવાનો અર્થ ઝડપી નવીનતા ચક્ર છે, દરેક વ્યવસાય કાર્ય માટે કસ્ટમ અઈ સાધનો સાથે. નો-કોડ અને લો-કોડ પ્લેટફોર્મ બિન-તકનીકી વપરાશકર્તાઓને ડ્રેગ-એન્ડ-ડ્રોપ ઘટકો, પ્લગ-એન્ડ-પ્લે મોડ્યુલ્સ અથવા માર્ગદર્શિત વર્કફ્લોનો ઉપયોગ કરીને AI મોડેલ્સ બનાવવાની મંજૂરી આપશે. કારણ કે આમાંના ઘણા પ્લેટફોર્મ LLM-આધારિત હશે, વપરાશકર્તાઓ પ્રોમ્પ્ટનો ઉપયોગ કરીને AI મોડેલ્સને પણ ક્વેરી કરી શકે છે. ઓટો-એમએલ પ્લેટફોર્મ ઝડપથી સુધરી રહ્યા છે, ડેટા પ્રીપ્રોસેસિંગ, ફીચર સિલેક્શન અને હાઈપરપેરામીટર ટ્યુનિંગ જેવા કાર્યોને સ્વચાલિત કરી રહ્યા છે. આગામી દાયકામાં, ઓટો-એમએલ વધુ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ અને સુલભ બનશે, જે લોકોને કોઈપણ વિશિષ્ટ કુશળતા વિના ઝડપથી ઉચ્ચ-પ્રદર્શન AI મોડેલ્સ બનાવવાની મંજૂરી આપશે. ક્લાઉડ-આધારિત અઈ સેવાઓ વ્યવસાયોને પૂર્વ-નિર્મિત AI મોડેલો પણ પ્રદાન કરશે જે જરૂરિયાત મુજબ કસ્ટમાઇઝ, સંકલિત અને સ્કેલ કરી શકાય છે. શોખીનો માટે, સરળ AI સાધનો વ્યક્તિગત નવીનતાના નવા મોજાને વેગ આપશે, જે તેમને વ્યક્તિગત પ્રોજેક્ટ્સ અથવા સાઈડ વ્યવસાયો માટે AI એપ્લિકેશનો વિકસાવવાની મંજૂરી આપશે. ઓપન-સોર્સ વિકાસ પારદર્શિતાને પ્રોત્સાહન આપી શકે છે, જ્યારે સાવચેત શાસન અને નૈતિક માર્ગદર્શિકા ઉચ્ચ-સુરક્ષા ધોરણો જાળવવામાં અને AI-સંચાલિત પ્રક્રિયાઓમાં વિશ્વાસ બનાવવામાં મદદ કરી શકે છે. ઍક્સેસની આ સરળતા સંપૂર્ણપણે વોઇસ-નિયંત્રિત મલ્ટિમોડલ વર્ચ્યુઅલ સહાયકમાં પરિણમી શકે છે. જે માંગ પર વિઝ્યુઅલ, ટેક્સ્ટ, ઑડિઓ અથવા વિઝ્યુઅલ સંપત્તિઓ બનાવવા માટે સક્ષમ છે.

**૨૦૩૪માં AI :-** દસ વર્ષમાં આપણે AI માં જે પ્રગતિઓ જોવી જોઈએ તે અહીં છે. મલ્ટિમોડલ AI: મલ્ટિમોડલ AI નું નવું ક્ષેત્ર ૨૦૩૪ સુધીમાં સંપૂર્ણ રીતે પરીક્ષણ અને શુદ્ધ કરવામાં આવશે. યુનિમોડલ AI એક જ ડેટા પ્રકાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમ કે NLP અથવા કમ્પ્યુટર વિઝન. તેનાથી વિપરીત, મલ્ટિમોડલ AI એ માનવો કેવી રીતે વાતચીત કરે છે, દ્રશ્યો, ધ્વનિ, ચહેરાના હાવભાવ અને વાણી પેટર્ન દ્વારા ડેટાને કેવી રીતે સમજે છે તેના જેવું જ છે. આ ટેકનોલોજી ટેક્સ્ટ, ધ્વનિ, છબીઓ, વિડિઓ અને અન્ય ડેટાને એકીકૃત કરશે જેથી માનવો અને કમ્પ્યુટર સિસ્ટમો વચ્ચે વધુ સરળ ક્રિયાપ્રતિક્રિયાઓને સરળ બનાવવામાં આવે. તેમાં અદ્યતન વર્ચ્યુઅલ સહાયકો અને ચેટબોટ્સને શક્તિ આપવાની ક્ષમતા છે જે જટિલ પ્રશ્નોને સમજે છે અને ચોક્કસ ટેક્સ્ટ, વિઝ્યુઅલ સહાય અથવા વિડિઓ ટ્યુટોરિયલ્સ સાથે જવાબ આપી શકે છે.

**નિયમો – AI નીતિશાસ્ત્ર :–** અઈ ના સર્વવ્યાપી ઉપયોગને વાસ્તવિકતા બનાવવા માટે, AI નિયમો અને નૈતિક ધોરણોમાં નોંધપાત્ર સુધારો કરવો આવશ્યક છે. EU AI કાયદા જેવા માળખાથી પ્રેરિત થઈને, એક મુખ્ય વિકાસ એ સખત જોખમ વ્યવસ્થાપન પ્રણાલીઓનું નિર્માણ, AI ને જોખમ સ્તરોમાં વર્ગીકૃત કરવું અને ઉચ્ચ-જોખમવાળા AI પર વધુ કડક આવશ્યકતાઓ લાદવાનો રહેશે. અઈ મોડેલો, ખાસ કરીને જનરેટિવ અને મોટા પાયે, પારદર્શિતા, મજબૂતાઈ અને સાયબર સુરક્ષા ધોરણોને પૂર્ણ કરવા માટે જરૂરી હોઈ શકે છે. ઊઞ અઈ કાયદાને અનુસરીને, આ માળખા વૈશ્વિક સ્તરે ફેલાવાની શક્યતા છે, જે આરોગ્યસંભાળ, નાણાં અને મહત્વપૂર્ણ માળખાગત ક્ષેત્રો માટે ધોરણો નક્કી કરે છે. નૈતિક વિચારણાઓ નિયમોને આકાર આપશે, જેમાં અસ્વીકાર્ય જોખમો ઉભી કરતી સિસ્ટમો પર પ્રતિબંધનો સમાવેશ થાય છે, જેમ કે સામાજિક સ્કોરિંગ અને જાહેર સ્થળોએ રિમોટ બાયોમેટ્રિક ઓળખ. AI સિસ્ટમોમાં માનવ દેખરેખ, મૂળભૂત અધિકારોનું રક્ષણ, ભેદભાવ અને ન્યાયીતા જેવા મુદ્દાઓને સંબોધિત કરવા અને જવાબદાર ઉપયોગની ખાતરી આપવી જોઈએ.

**નોકરીમાં વિક્ષેપ :–** AI-સંચાલિત ઓટોમેશનના ઉદયથી નોકરી ગુમાવવાની શક્યતા છે, ખાસ કરીને એવા ઉદ્યોગોમાં જે પુનરાવર્તિત અને મેન્યુઅલ કાર્યો પર ખૂબ આધાર રાખે છે. મશીનો અને અલ્ગોરિધમ્સના નિયંત્રણ હેઠળ આવતાં ડેટા એન્ટ્રી, એસેમ્બલી લાઇન વર્ક અને નિયમિત ગ્રાહક સેવા જેવી ભૂમિકાઓ નોંધપાત્ર રીતે ઓછી થઈ શકે છે. જો કે, આ AI વિકાસ, ડેટા વિશ્લેષણ અને સાયબર સુરક્ષામાં પણ તકો ઊભી કરશે. AI જાળવણી, દેખરેખ અને નૈતિક શાસન કૌશલ્યની માંગ વધશે, જે કાર્યબળના પુનઃ કૌશલ્ય માટે તકો પૂરી પાડશે.

**ડીપફેક્સ અને ખોટી માહિતી :–** જનરલ AI એ ડીપફેક્સ બનાવવાનું સરળ બનાવ્યું છે-વાસ્તવિક પરંતુ સિમ્યુલેટેડ ઓડિયો, વિડિયો અને છબીઓ-જેનો ઉપયોગ ખોટી માહિતી ફેલાવવા અને જાહેર અભિપ્રાયને ચાલાકી કરવા માટે થાય છે. આ માહિતી અખંડિતતા અને મીડિયા વિશ્વાસ માટે પડકારો ઉભા કરે છે. આ મુદ્દાને સંબોધવા માટે અદ્યતન શોધ સાધનો, જાહેર શિક્ષણ અને સંભવતઃ કાનૂની પગલાંની જરૂર છે જેથી દૂષિત ડીપફેક સર્જકોને જવાબદાર ઠેરવી શકાય.

**ભાવનાત્મક અને સામાજિક અસર :–** લોકો AI ને માનવ જેવું દેખાડવાનું વલણ ધરાવે છે, જેનાથી ભાવનાત્મક જોડાણો અને મુશ્કેલ સામાજિક ગતિશીલતા થાય છે, જેમ કે ELIZA Effect6 અને અન્ય અઈ સાથીઓ સાથે જોવા મળે છે. આગામી દાયકામાં, આ સંબંધો વધુ ગાઢ બની શકે છે, જેનાથી મનોવૈજ્ઞાનિક અને નૈતિક પ્રશ્નો ઉભા થઈ શકે છે. સમાજે માનવ જેવા મશીનો સાથે સ્વસ્થ ક્રિયાપ્રતિક્રિયાઓને પ્રોત્સાહન આપવું જોઈએ અને લોકોને અઈ માંથી વાસ્તવિક માનવ ક્રિયાપ્રતિક્રિયાઓને ઓળખવામાં મદદ કરવી જોઈએ.

---

### હોની કો કૌન ટાલ શકતા હૈ : જૂનાગઢથી મહાકાલને જ ભજીને પરત આવતા થયો અકસ્માત !

# કાર અકસ્માતમાં ત્રણની છીનવાઈ જિંદગી !

## જેતલસર રેલ્વે ઓવરબ્રિજના ડિવાઈડર સાથે અથડાયેલી કારના બે ટૂકડા થઇ ગયા : યુવાન-યુવતીના ઘટના સ્થળે અને એક યુવાનનું જૂનાગઢમાં સારવાર દરમિયાન મોત : હજુ એક ગંભીર













રાજકોટ, તા.૧૫

જૂનાગઢમાં શિવરાત્રીનો મેળો માણીને પરત આવતા જેતપુરના યુવાનની કારને જેતલસર નજીક અકસ્માત નડતા એક યુવતી સહિત ૨ના ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. જ્યાં ગંભીર ઈજાગ્રસ બે યુવાનોમાંથી એકનું જૂનાગઢમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જેતલસર નજીકના રેલ્વે ઓવર બ્રિજના ડિવાઈડર સાથે અથડાયેલી કરના બે ટુકડા થઇ ગયા હોવાથી કારની ઓવરસ્પીડ હોવાનું પોલીસે અનુમાન લગાવ્યુ છે. હજુ એક ગંભીર યુવાન જૂનાગઢમાં સારવાર હેઠળ છે. તે સ્વસ્થ થયે કાર કોણ ચલાવતું હતું અને અકસ્માતનું કારણ જાણવા મળશે તેવું સ્થાનિક ડીવાયએસપીએ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

મળતી વિગતો મુજબ ત્રણ યુવાનો અને એક યુવતી મળી એમ ચારેય સ્ક્વોડા કારમાં જુનાગઢથી શિવરાત્રી મેળાનો આનંદ માણીને પરત જેતપુર આવતા હતા. ત્યારે જેતલસર રેલ્વેના બ્રિજના ડીવાઈડર સાથે અચાનક સફેદ કલરની જીજે ૦૩ ઈઆર ૯૩૫૧ નંબરની કાર ધડાકા સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના બે ટૂકડા થઇ ગયા હતા. આજુબાજુના વાડી-ખેતરના તેમજ રસ્તે આવતા જતા સેવાભાવીઓએ દોડીને અકસ્માત સ્થળે પહોંચતા અંદર એક યુવતી અને ત્રણ યુવાનો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં જેતપુરના નવાગઢ વિસ્તારના અરુણભાઈ પ્રફુલભાઈ વાળા અને રાયડી(જામકંડોરણા)ના મુસ્કાનબેન હરેશભાઈ બગડા એમ બંનેના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે જયદીપ કિશોરભાઈ ચૌહાણ અને અમીષ ચનાભાઈ પરમારને ગંભીર ઈજાની સારવાર માટે જૂનાગઢ દવાખાને રિફર કરવામાં આવ્યા હતા.

સમગ્ર ગંભીર ઘટનાની વિગતો આપવા સ્થાનિક ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા દ્વારા જેતપુર તાલુકા પોલીસના પીઆઈ હેરમા સહિતના સ્ટાફને સાથે રાખી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, જુનાગઢ શિવરાત્રીના મેળામાંથી પરત ફરતી જીજે ૦૩ ઈઆર ૯૩૫૧ નંબરની સ્ક્વોડા કાર જેતલસર નજીકના રેલ્વે ઓવરબ્રિજના ડિવાઈડર સાથે અથડાતા અરુણ અને મુસ્કાનની ઘટના સ્થળે જ જિંદગી છીનવાઈ ગઈ હતી.

જયદીપ અને અમીષને ગંભીર હાલતમાં જેતપુરથી જુનાગઢ ખસેડાયા હતા. જ્યાં જયદીપનો ટૂંકી સારવાર દરમિયાન જીવનદીપ બુઝાઈ ગયો હતો. જ્યારે અમીર સારવાર હેઠળ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

કોઈ વાહન સાથે નહિ પણ ઓવર સ્પીડના કારણે અને સ્ટીયરીંગ પરનો કાબુ ગૂમાવતા અકસ્માત થયો હોવાના અનુમાન સાથે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ડીવાયએસપીએ વધુ વિગતો આપી હતી કે, સારવારમાં રહેલો અમીષ સ્વસ્થ થયે અકસ્માતની વિગતો અને કર કોણ ચલાવતું હતું તે બહાર આવશે.

### અકસ્માત સ્થળે ટ્રાફિક જામ

અકસ્માતને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ જેતપુર તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે ક્રેન દ્વારા કારના અવશેષો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. હાલ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. અરૂણ વાળાએ સ્નેપ ચેટમાં સ્ટોરી પણ મિત્રોને મોકલેલી હોવાનું તેમના મોબાઈલમાં જોવા મળ્યું છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે જન્મ અને મૃત્યુના દાતા તરીકે દેવાધિદેવ મહાદેવને ભજવામાં આવે છે અને તેમના જ શરણે જઈને એટલેકે મહાશિવરાત્રી મેળામાં જઈને પરત આવતા ઉપરોક્ત યુવાનો અને યુવતીને કાળે કોળીયો કરી લેતા ત્રણેય પરિવારમાં માતમ છવાઈ ગયું છે.



તેઓએ હતભાગીઓની વધુ એવી વિગતો આપી હતી કે, મૃતક અરૂણ પ્રફુલ્લભાઈ વાળા (ઉ.વ. ૨૨) રહે. રાજકોટ-પોરબંદર હાઈવે પર જેતપુર શહેરમાં દાસીજીવણ પરા, કેનાલ કાંઠે રહે છે. મજૂરી કામ કરતા પરિવારમાં માતા-પિતા, મોટા બહેન છે. તે પરિવારનો એકનો એક દીકરો હતો. મૃતક મુસ્કાનબેન હરેશભાઈ બગડા, જેતપુર ખાનગી હોસ્પિટલ કામ કરતી હતી અને જામકંડોરણાના રાયડી ગામે રહે છે.

મૃતક જયદીપ કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૨ આશરે) ધોરાજી પાસે છાડાવાવદર ગામનો અને હાલ જેતપુરમાં ધોરાજી રોડ પર જલારામ-૩માં મજૂરી કામ કરતો હતો, માતા-પિતા અને એક નાની બહેન છે. તે પણ પરિવારનો એકનો એક દીકરો હતો. જયારે અમિત ચનાભાઈ પરમાર (ઉ.વ. ૨૨) હાલ જૂનાગઢ સારવારમાં છે, તે મજૂરી કામ કરે છે, પરિવારમાં માતા-પિતા, ત્રણ ભાઈઓમાં તે ત્રીજા નંબરનો છે અને જેતપુરમાં દાસીજીવણપરામાં રહે છે.

વોટસએપ કોલ કરીને યુવતી પાસેથી લીધેલા રૂપિયા પરત માંગવા ધમકી

# પૂર્વ પ્રેમિકાના ભાઈએ બે લાખની માંગી ખંડણી

## ન્યુ રાધે શ્યામ સોસાયટીના પ્રિન્સ ભંડેરીની ફરિયાદ પરથી આજીડેમ પોલીસમાં નિલ અને અકરમ દાઉદાણી સામે ગુનો

રાજકોટ,તા.૧૫

શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતા એક યુવકને જૂના પ્રેમ સંબંધનો હવાલો આપી ફોન પર ધમકાવી બે લાખની ખંડણી માંગવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પૂર્વ પ્રેમિકાના ભાઈ હોવાનો દાવો કરી બે શખ્સોએ યુવકને ફોન પર બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા અંતે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આજીડેમ પોલીસે આ અંગે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.



શહેરના કોઠારીયા રોડ પર આવેલી ન્યુ રાધે શ્યામ સોસાયટી, શેરી નં-૭માં રહેતા ૨૧ વર્ષીય પ્રિન્સ જિતેશભાઈ ભંડેરી, જેઓ છૂટક મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ આ ઘટનાની શરૂઆત ગત તારીખ ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ થઈ હતી. બપોરના આશરે એકાદ વાગ્યાના સુમારે પ્રિન્સ પોતાના ઘરે હતા ત્યારે તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાનું નામ નીલ વાકાણી હોવાનું જણાવ્યું હતું.

ફોન કરનાર નીલ વાકાણીએ પ્રિન્સને જણાવ્યું હતું કે, તેની પૂર્વ પ્રેમિકા તેની બહેન થાય છે. નીલે આક્ષેપ કર્યો હતો કે પ્રિન્સ અને યુવતી છેલ્લા બે વર્ષથી પ્રેમ સંબંધમાં હતા અને તે દરમિયાન પ્રિન્સે પ્રેમિકા પાસેથી ૨,૦૦,૦૦૦ ઉછીના લીધા હતા. નીલે ફોન પર દબાણ કરતા કહ્યું કે, ''તેં હજુ સુધી આ રૂપિયા પાછા આપ્યા નથી, તો તું આ મારી બહેનના રૂપિયા તાત્કાલિક પરત આપી દે.''

જ્યારે પ્રિન્સએ સ્પષ્ટતા કરી કે તેમણે કોઈ પણ પ્રકારના ઉછીના રૂપિયા લીધા નથી અને કોઈ લેણી રકમ બાકી નીકળતી નથી, ત્યારે નીલ વાકાણી ઉશ્કેરાઈ ગયો હતો. નીલે ફોન પર જ પ્રિન્સને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આટલેથી ન અટકતા, નીલે તેના મિત્ર અકરમ દાઉદાણીને કોન્ફરન્સ કોલમાં લીધો હતો. અકરમે પણ પ્રિન્સને ધમકાવતા કહ્યું હતું કે, ''તારે ગમે તેમ કરીને ૨ લાખ તો આપવા જ પડશે, નહીં તો હું તને જાનથી મારી નાખીશ.'' બંને શખ્સોએ મળીને પ્રિન્સને ગંદી ગાળો આપી માનસિક રીતે ટોર્ચર કર્યો હતો.

આ ઘટના બાદ પ્રિન્સભાઈ આરોપીઓના ડરને કારણે ફફડી ગયા હતા અને શરૂઆતમાં પોલીસ પાસે જવાની હિંમત કરી શક્યા ન હતા. જોકે, સતત માનસિક દબાણ હેઠળ રહ્યા બાદ તેમણે પોતાના મિત્રોને આ વાત કરી હતી. મિત્રોની સમજાવટ અને હિંમત મળતા, આખરે તેઓ આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને નીલ વાકાણી તથા અકરમ દાઉદાણી વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સો અને એક કિશોરની ધરપકડ કરી

# તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

રાજકોટઃ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી લૂંટની ઘટનામાં રાજકોટ સિટી ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં સફળતા મેળવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરીયા, ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી બી.બી. બસીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બે રીઢા ગુનેગારો ધવલ ભોજા પરમાર અને ભરત લાખા રાઠોડ (બંને રહે. મેટોડા) સહિત એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને દબોચી લીધા હતા. આ કાર્યવાહી દરમિયાન ગુનામાં વપરાયેલ બે મોટરસાયકલ ટીવીએસ રાઈડર અને સ્પ્લેન્ડર પણ કબજે કરવામાં આવ્યા છે. આ સફળ ઓપરેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર તથા સી.એચ. જાદવના સીધા માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ડી.પી. ઝાલા, એ.એન. પરમાર, વી.ડી. ડોડીયા, આર.કે. ગોહિલ અને એસ.વી. ચુડાસમાની ટીમોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ તપાસમાં એ.એસ.આઈ. સમીરભાઈ શેખ, વિજયરાજસિંહ જાડેજા અને યશવંત ભગત પણ જોડાયા હતા.

ટીમના અન્ય સભ્યોમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા, અર્જુન ડવ, રાહુલભાઈ ગોહિલ, કૃષ્ણદેવસિંહ ઝાલા, કિશનભાઈ પાંભર, સંજયભાઈ રૂપાપરા અને સુભાષભાઈ ઘોઘારીએ રાત-દિવસ એક કરીને ગુનેગારોનું પગેરું મેળવ્યું હતું. તેમજ પોલીસ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા, જીલુભાઈ ગરચર, મનીષભાઈ ચાવડા, સંજયભાઈ ખાખરીયા, મહાવીરસિંહ જાડેજા, સંજયભાઈ અલગૌતર, રાજેશભાઈ ચાવડા અને અશ્વિનભાઈ પંપાણીયાએ પણ આ કામગીરીમાં સક્રિય સહયોગ આપ્યો હતો.

પકડાયેલ આરોપી ધવલ પરમાર અગાઉ શાપર-વેરાવળ અને જેતપુર તાલુકા પોલીસ મથકે પ્રોહિબિશનના ગુનામાં પણ નોંધાઈ ચૂક્યો છે. હાલ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

# રૈયાધારમાં પડોશી દંપતીના ત્રાસથી મહિલા ત્રસ્ત

## જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

રાજકોટ,તા.૧૫

શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલી એક એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાએ તેના પડોશમાં રહેતા દંપતી વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પડોશી દંપતી દ્વારા વારંવાર લાઈટ બંધ કરી દેવી, ઘરનો દરવાજો બહારથી બંધ કરી દેવો અને ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.



ફરિયાદી શ્રેયાબેન રાજભાઈ સિદ્ધપુરા (ઉ.વ. ૨૮)એ નોંધાવેલી વિગત મુજબ, તેઓ રૈયાધારના દ્વારકેશ પાર્ક શેરી નં-૭ માં આવેલા રાધે રેસીડેન્સી એપાર્ટમેન્ટમાં ભાડેથી રહે છે. તેમના જ બિલ્ડીંગમાં ત્રીજા માળે રહેતા મનોહરભાઈ અને તેમની પત્ની ઝીલીકાબેન અવારનવાર તેમને હેરાન કરતા હોવાનો આક્ષેપ કર્યો છે. મનોહરભાઈ દારૂ પીવાની ટેવ ધરાવતા હોવાથી ઘણીવાર નશાની હાલતમાં અન્યના ઘરમાં ઘૂસી જતા અને વિરોધ કરતા ઝઘડો કરતા હતા.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૧૩ ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે ઝીલીકાબેને કોઈ પણ કારણ વગર શ્રેયાબેનના ઘરનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. આ અંગે જ્યારે અન્ય પડોશીઓની મદદથી દરવાજો ખોલાવીને પૂછપરછ કરવામાં આવી, ત્યારે દંપતીએ ગાળાગાળી કરી હતી. ઝીલીકાબેને પોતે દલિત હોવાનું જણાવી ફરિયાદીને 'ખોટા એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની' ધમકી પણ આપી હતી.

આટલું જ નહીં, આરોપી દંપતી અવારનવાર એપાર્ટમેન્ટની મેઈન સ્વીચ બંધ કરી દેતા અને ગેલેરીમાં ગંદો કચરો નાખી કપડાં ખરાબ કરતા હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખાયું છે. મનોહરભાઈએ ફરિયાદીને ''ટાંટિયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની'' ધમકી આપતા અંતે ભોગ બનનાર મહિલાએ ગાંધીગ્રામ (યુની.) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે આ મામલે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ ફિરોજભાઈ ઈબ્રાહીમભાઈને તપાસ સોંપી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રિક્ષા અથડાવા જેવી બાબતે બોલી બટાઝટી

# રીક્ષા ચાલકનું ગાગર-સોડાની બોટલથી ફોડ્યું માથું

## તને રીક્ષા ચલાવતા આવડતી નથી તેવું કહી રમેશ બાંભણીયા પર અયાઝ મૂલતાની તૂટી પડ્યો

રાજકોટ,તા.૧૫

શહેરના રામનાથપરા વિસ્તારમાં નજીવી બાબતે ઉશ્કેરાઈ જઈને એક શખ્સે રિક્ષા ચાલક પર હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. રિક્ષા ચાલક પોતાના પરિવાર સાથે મજૂરી કામ માટે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં રિક્ષા સામાન્ય અડી જવાના મામલે આ વિવાદ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, ભવાનીનગર શેરી નં-૫ માં રહેતા રમેશભાઈ છગનભાઈ બાંભણિયા પોતાની ટ્રાન્સપોર્ટ રિક્ષા લઈને તેમના ભાઈ કિશોરભાઈ અને ભત્રીજા ગૌતમભાઈ સાથે દાણાપીઠમાં મજૂરી અર્થે જઈ રહ્યા હતા. સવારના આશરે સાડા દસેક વાગ્યે જ્યારે તેઓ રામનાથપરા શેરી નં-૦૫ પાસે પહોંચ્યા, ત્યારે ત્યાં ઉભેલા અયાજ મુલતાની નામના શખ્સની બાજુમાંથી રિક્ષા પસાર થતા તે સહેજ અડી ગઈ હતી.

આ સામાન્ય ઘટનાથી ઉશ્કેરાઈ ગયેલા અયાજ મુલતાનીએ રિક્ષા ચાલકને ''તને રિક્ષા ચલાવતા નથી આવડતી'' તેમ કહી બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે રમેશભાઈના ભાઈ તેમને સમજાવવા ગયા, ત્યારે મામલો વધુ બિચક્યો હતો. આરોપીએ નજીકની દુકાનમાંથી સ્ટીલના વાસણની ગાગર અને સોડાની બોટલ ઉપાડી રમેશભાઈના માથાના ભાગે ઝીંકી દીધી હતી.

હુમલાના કારણે રમેશભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હુમલાખોરે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલમાં ભોગ બનનાર રમેશભાઈએ આ મામલે અયાજ મુલતાની વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપી નિર્દોષ

## ૧૨ લાખના ચેક રીટર્ન થયા'તા : ફરિયાદી આરોપીને ઓળખી ન શક્યા

રાજકોટ, તા.૧૫

ફાયનાન્સ વખતે લીધેલા ચાર ચેકનો દુર ઉપયોગ થયાનું માનીને કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવાનો ઓર્ડર કર્યો છે.

સપના એન્ટરપ્રાઈઝવાળા મુકેશ હીરાણીએ ફાઈનાન્સ વખતે લીધેલા ચાર ચેકોનો દુરઉપયોગ કર્યો હોવાની રજૂઆત માન્ય રાખી રજુઆતો માન્ય ૧૨ લાખના ચેક રીટર્ન કેસમાં ગોપાલ ઓઈલના માલીકનો નિર્દોષ છુટકારો થયો છે. અમરનગર મેઈન રોડ પરના સપના ફોર્જીંગમાં નોકરી કરતા અને પુનીત નગર પાસે રામેશ્વર પાર્કમાં રહેતા ગીરીશ છગનભાઈ પાંચાણીએ ગોપાલ ઓઈલના માલીક રોહીત મનજીભાઈ પોકર સામે કરેલા ૧૨ લાખના ચેક રીટર્નનો કેસ ચાલી જતા રાજકોટના એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.



ધંધાના વિકાસ માટે ૧૨ લાખની જરૂરત હોવાથી ગીરીશભાઈએ રોહિત પોકરને આપી હતી. અને તે સમયે આરોપીએ રકમ પરત કરવા આપેલા ચેક બેંકમાં જમા કરવામાં આવતા અપૂરતી બેલેન્સને લીધે ચેક વસુલાયા વગર બેન્કમાંથી પાછા ફર્યા હતા. આ બાબતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. કેસ ચાલ્યો તે દરમિયાન આરોપીના વકીલની અસરકારક દલીલો અને રજુ કરેલા જુદી જુદી કોર્ટના ચુકાદાને કોર્ટે ધ્યાને લીધા હતા. એટલુજ નહિ ફરિયાદીને આરોપીને ઓળખી ન શકતા અને ચેકનો દુરઉપયોગ થયાની રજૂઆત માન્ય રાખીને, ફરિયાદ સાબિત કરવામાં ફરિયાદીનો પન્નો ટૂંકો પડતા, રોહિતભાઈ પોકરને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. આરોપી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કટારીયા અને મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણમ, રાહીલ ફળદુ રોકાયા હતા.

# બેટરી બદલવા બાબતે વેપારી ઉપર છરીથી હુમલો

## લાલપાર્ક ચોક સ્થિત પોતાની દુકાને બનાવઃ ભક્તિનગર પોલીસમાં ગુનો



રાજકોટ,તા.૧૫

શહેરના લાલબહાદુર સોસાયટી વિસ્તારમાં રહેતા અને દેવમ બેટરી નામની દુકાન ધરાવતા અતુલભાઈ કરમશીભાઈ ઉઘાડ (ઉ.વ. ૪૬) પર જૂની અદાવતના કારણે છરી વડે હુમલો થયાની ઘટના સામે આવી છે. આ મામલે ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદી અતુલભાઈના જણાવ્યા અનુસાર, ગત સાંજે આશરે ૫:૩૦ વાગ્યાની આસપાસ તેઓ લાલપાર્ક ચોક સ્થિત પોતાની દુકાન સામે એકટીવા પર બેઠા હતા. તે સમયે ગોપાલ નામનો શખ્સ ત્યાં આવ્યો હતો અને અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી ઝઘડો શરૂ કર્યો હતો.

આશરે એકાદ મહિના પહેલા ગોપાલ નામનો આ વ્યક્તિ અતુલભાઈની દુકાને બેટરી બદલાવવા બાબતે આવ્યો હતો. ત્યારે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાબતે અતુલભાઈએ અગાઉ ગોપાલ વિરુદ્ધ અરજી પણ કરી હતી. આ બાબતની દાઝ રાખી ગોપાલે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઝઘડા દરમિયાન ઉશ્કેરાયેલા ગોપાલે અતુલભાઈને ડાબી બાજુ કમરના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં અતુલભાઈને તેમના મિત્ર અને ૧૦૮ની મદદથી તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ ચૌહાણ દ્વારા અતુલભાઈનું નિવેદન નોંધી હુમલાખોર ગોપાલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટના સમયે હુમલાખોર ગોપાલે અતુલભાઈ સાથે ભારે બોલાચાલી કરી હતી. તેણે ઉશ્કેરાઈને કહ્યું હતું કે, ''તું મને બેટરી પણ બદલી નથી આપતો અને મારી વિરુદ્ધ અરજી પણ કરે છે.'' આટલું કહી તેણે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. હુમલો કરીને ભાગતી વખતે ગોપાલે અતુલભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતા કહ્યું હતું કે, ''જો હવે ખોટી હવા રાખીશ તો જીવતો નહીં રહેવા દઉં.''

હુમલા બાદ અતુલભાઈને કમરના ભાગેથી પુષ્કળ લોહી વહેવા લાગતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. આ દરમિયાન તેમના મિત્ર મિત સુરેશભાઈ ભંડેરી ત્યાં દોડી આવ્યા હતા. તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને મિત્ર મિતની હાજરીમાં અતુલભાઈને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત સુધારા પર હોવાનું અને તેઓ સંપૂર્ણ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે.

### પૂર્વ કચ્છમાં સ્ટેટ મોનીટરીંગ સેલનો મોટો સપાટોઃ અંજાર પાસે કાર્યવાહી

# ચોખાના બાચકા નીચે છુપાવેલો બે કરોડનો દારૂ ઝડપાયો

### દારૂની ૩૦,૦૪૫ બોટલ, ટ્રક મળી ૨.૩૭ કરોડનો મુદ્દામાલ જપ્ત, ટ્રક ડ્રાઈવર-માલિક મળી ચાર શખ્સની શોધખોળ






રાજકોટઃ દારૂની વધુ એક હેરાફેરીનો એસએમસીએ પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે પૂર્વ કચ્છના અંજાર પોલીસ મથકની હદમાં દારૂબંધીનો મોટો દરોડો પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. ભચાઉ-ગાંધીધામ હાઈવે પર વારસાણા ગામની સીમમાં આવેલી હોટલ શ્રી આશાપુરાના પાર્કિંગમાં શંકાસ્પદ હાલતમાં પડેલી ટ્રકની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો તોતિંગ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી લાખોની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બુટલેગરોએ પોલીસની નજરથી બચવા માટે ટ્રકમાં અત્યંત ચાલાકીપૂર્વક દારૂ છુપાવ્યો હતો. દારૂના જથ્થાને છુપાવવા માટે તેના પર 'કવરિંગ મટીરીયલ' તરીકે ચોખાના ૪૪૦ નંગ કોથળા રાખવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ દારૂનો જથ્થો પંજાબની જાણીતી ડિસ્ટિલરીઓ જેવી કે ઓમ સન્સ માર્કેટિંગ, યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ અને પરનોડ રિકાર્ડ ઈન્ડિયામાં ઉત્પાદિત કરવામાં આવ્યો હતો. પોલીસે દારૂની કુલ ૩૦,૦૪૫ બોટલો કબજે કરી છે, જેની બજાર કિંમત અંદાજે ૨ કરોડ ૬ લાખ રૂપિયાથી વધુ થાય છે. જપ્તઈ ના ડ્જ્ઈ આર.બી. વણાર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં દારૂ, ટ્રક અને ચોખાના કોથળા મળી કુલ રૂ. ૨,૩૭,૬૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે અંજાર પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (ઈગજ) ની કલમ ૨૩૮ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં દારૂ મોકલનાર સપ્લાયર, મંગાવનાર રીસીવર તેમજ ટ્રક નંબર RJ 17 GB 1477 ના ચાલક અને માલિક સહિત કુલ ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે

# દારૂ, છરી- જાહેરનામા ભંગમાં ૧૮ પકડાયા

### જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાસ ડ્રાઈવ યોજતી પોલીસ



રાજકોટ,તા.૧૫

શહેર પોલીસ દ્વારા ગુનેગારો અને નિયમ ભંગ કરનારાઓ વિરુદ્ધ હાથ ધરવામાં આવેલી ખાસ ડ્રાઈવમાં અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કુલ ૧૮ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાને રાખી નશો કરીને વાહન ચલાવનારાઓ સામે કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી, જેમાં આજીડેમ પોલીસ દ્વારા લવજીભાઈ પરમાર, વિકાશકુમાર સહાની અને ભરતભાઈ પરમારને ઝડપી લેવાયા હતા. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેશભાઈ ઉર્ફે રાજુ અને અશોકપરી ગોસ્વામી નશાની હાલતમાં વાહન ચલાવતા પકડાયા હતા. આ ઉપરાંત ભક્તિનગર પોલીસ દ્વારા કૌશિકભાઈ પરમાર, માલવિયાનગર પોલીસ દ્વારા સુમિતભાઈ ચૌહાણ, પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા સાગરભાઈ વસોયા, ગાંધીગ્રામ પોલીસ દ્વારા કાનજીભાઈ બડીયા અને એ-ડિવિઝન પોલીસ દ્વારા રાજેશભાઈ અદવાણી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરમાં અમલી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી તીક્ષ્ણ હથિયાર (છરી) સાથે ફરતા ૬ તત્વો પર પોલીસે ધોંસ બોલાવી હતી. ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ દ્વારા પ્રતાપભાઈ સોલંકી અને જગુભાઈ ચાવડાની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે થોરાળા પોલીસ દ્વારા કપિલભાઈ ઉર્ફે ભૈરવ સીંગાળાને છરી સાથે ઝડપી લેવાયો હતો. આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંજયભાઈ કાછડીયા અને મહેશભાઈ મકવાણા તેમજ એ-ડિવિઝન પોલીસ દ્વારા જગતરામ રાણાને જાહેરમાં છરી સાથે નીકળતા પકડી પાડવામાં આવ્યા હતા. આ તમામ શખ્સો વિરુદ્ધ જાહેરનામા ભંગ અને જી.પી. એક્ટ હેઠળ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત પોલીસે દારૂના વેચાણ અને સેવન સામે પણ આકરી કાર્યવાહી કરી હતી.

ગાંધીગ્રામ પોલીસ દ્વારા વસીમ સીકંદરભાઈ દારૂવાલાના રહેણાંક સ્થળ પર દરોડો પાડી 'રોયલ ચેલેન્જ' વિદેશી દારૂની ૨૨ બોટલો સાથે તેની ધરપકડ કરી હતી. જ્યારે ભક્તિનગર પોલીસ દ્વારા રામદાસ ગાયકવાડ નામના શખ્સને જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં બકવાટ કરતા ઝડપી પાડવામાં આવ્યો હતો. આમ, રાજકોટ શહેર પોલીસે એક જ દિવસમાં વિવિધ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરીને કુલ ૧૮ શખ્સોને પકડી લીધા હતાં.

### થલતેજની હોટેલ વેઈટર યુવતીને મરવા મજબૂર કરનાર પ્રેમી યુવાનની શોધખોળ

# પ્રેમીના ત્રાસથી યુવતીનો આપઘાત



રાજકોટ,તા.૧૫

તાજેતરમાં પ્રેમના પર્વની ઉજવણી થઈ હતી. ત્યાં જ એક પ્રેમકહાનીનો કરૂણ અંત આવ્યો છે. જેમાં પ્રેમીના ત્રાસથી પ્રેમિકા મરી જવા મજબૂર થઈ છે. હોટેલમાં ફરજ બજાવતી આ યુવતીને પ્રેમી સતત માનસિક ત્રાસ આપતો હતો.

વિગતો જોઈએ તો અમદાવાદના પોશ ગણાતા થલતેજ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એક યુવતીએ પ્રેમીના ત્રાસથી કંટાળીને પોતાના નિવાસસ્થાને આત્મહત્યા કરી લીધી છે. મૃતક યુવતી એસ.જી. હાઈવે પર આવેલી એક નામાંકિત હોટલમાં વેઈટર તરીકે નોકરી કરતી હતી. કામના સ્થળે અને અંગત જીવનમાં સંઘર્ષ કરી રહેલી યુવતીએ અંતે પ્રેમીના સતત દબાણ અને કનડગત સામે હાર માનીને મોતને વહાલું કર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન એવી વિગતો મળી રહી છે કે, યુવતી છેલ્લા કેટલાક સમયથી તેના પ્રેમી દ્વારા આપવામાં આવતા માનસિક ત્રાસને કારણે ભારે તણાવમાં હતી. પ્રેમીની સતત પજવણી અને ધમકીઓથી કંટાળીને તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

હાલમાં પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા યુવતીના મોબાઈલ ફોનની કોલ ડિટેલ્સ અને સોશિયલ મીડિયા ચેટ્સની તપાસ કરવામાં આવી રહી છે, જેથી તેના આપઘાત પાછળ જવાબદાર પ્રેમી વિરુદ્ધ સચોટ પુરાવા એકત્ર કરી શકાય. આ ઘટનાને પગલે યુવતીના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને હોટલના સ્ટાફમાં પણ અરેરાટી વ્યાપી ગઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવતીના રૂમમાંથી કોઈ સુસાઈડ નોટ મળી છે કે કેમ તે અંગે હજુ તપાસ ચાલી રહી છે, પરંતુ તેના નજીકના મિત્રો અને સાથી કર્મચારીઓની પૂછપરછમાં પ્રેમીના ત્રાસની વાત પ્રબળ બની છે. યુવતીના પરિવારે આક્ષેપ કર્યો છે કે પ્રેમી તેને અવારનવાર માનસિક રીતે ટોર્ચર કરતો હતો અને તેને નોકરી પર પણ શાંતિથી રહેવા દેતો ન હતો. આ આઘાતજનક પગલાને પગલે હવે પરિવાર ન્યાયની માંગ કરી રહ્યો છે. પોલીસ આગામી સમયમાં યુવતીના મોબાઈલ ડેટાના આધારે તે યુવકની ધરપકડ કરી શકે છે, જેણે તેને મોત સુધી ધકેલવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું મનાય છે.

### તસ્કરો સોના-ચાંદીના દાગીના અને પાસપોર્ટ ચોરી ગયા, દિનદહાડે થયેલી ચોરીથી લત્તાવાસીઓ ભયભીત

# રણછોડવાડીમાં ચાર લાખની ઘરફોડી



રાજકોટ,તા.૧૫

શહેરના રણછોડવાડી વિસ્તારમાં એક રહેણાંક મકાનને નિશાન બનાવી તસ્કરોએ લાખોની મત્તાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. ફરિયાદી ધવલભાઈ નરેશભાઈ હરગણના ઘરે તારીખ નવના રોજ રાત્રિના સમયે આ ચોરીની ઘટના બની હતી, જે અંગે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તસ્કરોએ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી સોના-ચાંદીના કિંમતી દાગીનાઓની ચોરી કરી છે. જેમાં આશરે ૧૨.૫૪૦ ગ્રામનો સોનાનો ચેન, ૧૫ ગ્રામનો બીજો સોનાનો ચેન, ચાર સોનાની વીંટીઓ, સોનાની ચિપવાળા પાટલા અને સોનાની કાનની બુટીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ચાંદીની વીંટી અને સિક્કા પણ ચોરાયા છે. દાગીનાઓની અંદાજિત કિંમત આશરે રૂ. ૩,૯૭,૩૩૭ જેટલી થાય છે.

માત્ર ઘરેણાં જ નહીં, પરંતુ તસ્કરો ઘરમાં રાખેલી રોકડ રકમ રૂ. ૮,૦૦૦ અને ૨૦૦ અમેરિકન ડોલર પણ લઈ ગયા છે. આ ચોરીમાં સૌથી ગંભીર બાબત એ છે કે તસ્કરોએ સાહેદ સોનલબેનનો પાસપોર્ટ પણ ચોરી લીધો છે, જેને કારણે પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. કુલ મળીને આશરે રૂ. ૪,૦૫,૩૩૭ થી વધુની મત્તાની ચોરી થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ મામલે રાજકોટ બી-ડિવિઝન પોલીસે આરોપી જયેશ ઉર્ફે ગટુ રાજેશભાઈ ગામી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી. ચૌધરી અને તેમની ડી. સ્ટાફ ટીમ

દ્વારા આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આરોગ્ય ખાતામાં નોકરીના બહાને ૭.૪૭ લાખની ઠગાઈ

રાજકોટ,તા.૧૫

રાજકોટઃ રાજ્યમાં સરકારી નોકરી અપાવવાના નામે છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે બોટાદ જિલ્લાના પાળીયાદ પોલીસ મથક હેઠળના રંગપર ગામના એક યુવાન સાથે આરોગ્ય વિભાગમાં નોકરી અપાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે.

બોટાદ તાલુકાના રંગપર ગામે રહેતા રાહુલભાઈ સુરેશભાઈ ચાવડા નામના યુવાનનો પરિચય ચાર વર્ષ પહેલાં એક લગ્ન પ્રસંગ દરમિયાન ડો. આશિષ દાનાભાઈ રાઠોડ સાથે થયો હતો. ડો. આશિષે પોતાની ઓળખ માંગરોળ અર્બન હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે આપી હતી અને રાહુલભાઈ સાથે વિશ્વાસ કેળવ્યો હતો.

આરોપી ડો. આશિષે રાહુલભાઈને જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગમાં ડેટા ઓપરેટરની




ડોક્ટર આશિષ રાઠોડ અને ત્રણ મહિલા સહિત પાંચ સામે ગુનો

મોટી ભરતી આવવાની છે અને જો તે ૭.૫૦ લાખ રૂપિયા આપે તો તેને નોકરી અપાવી દેશે. વિશ્વાસમાં આવીને રાહુલભાઈ અને તેમના પરિવારે એપ્રિલ ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ટુકડે-ટુકડે કુલ ૭.૪૭ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જેમાં ૨,૫૭,૫૦૦ રૂપિયા રોકડા અને ૪,૮૯,૬૦૦ રૂપિયા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા આપવામાં આવ્યા હતા.

લાંબો સમય વીતવા છતાં નોકરી ન મળતા અને નાણાં પણ પરત ન મળતા રાહુલભાઈએ પાળીયાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે પાંચ લોકો સામે ગુનો નોંધ્યો છે, જેના નામો ડો. આશિષ દાનાભાઈ રાઠોડ, કમલ દાનાભાઈ રાઠોડ, લક્ષ્મીબેન આશિષભાઈ રાઠોડ, પ્રભાબેન દાનાભાઈ રાઠોડ, રસીલાબેન કમલભાઈ રાઠોડનો સમાવેશ થાય છે.પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવાનોએ આવી લોભામણી લાલચોમાં ન આવવા અને સરકારી ભરતી પ્રક્રિયાની સત્તાવાર વિગતો પર જ ભરોસો રાખવા અપીલ કરવામાં આવી છે

### CBDC જેવી ટેકનોલોજી આધારિત વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર અને વચેટિયાઓ સંપૂર્ણપણે થશે

# ડિજિટલ અન્ન વિતરણ યુગનો પ્રારંભ

## દેશના સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી-CBDC આધારિત જાહેર વિતરણ શરૂ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી શાહ






ગાંધીનગર, રાજકોટ,તા.૧૫

ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગ, ભારત સરકારના સહયોગથી સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા પ્રોજેક્ટનો શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો.

મહાશિવરાત્રિની સર્વેને શુભેચ્છાઓ પાઠવતા અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આજે ડિજિટલ ઈન્ડિયાનું એક્સટેન્શન ખાદ્ય અને પુરવઠાની વ્યવસ્થા સુધી પહોંચ્યું છે. ડિજિટલ ઈન્ડિયાને વિચારમાં રાખીને પાછળના ૧૧ વર્ષ પહેલા જોઈએ તો દેશમાં ૬૦ કરોડ લોકો એવા હતા જેમના પરિવારમાંથી બેન્કમાં એક પણ ખાતું નહોતું જ્યારે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં દુનિયાના અડધા ટ્રાન્ઝેક્શન ભારતમાંથી થયા છે. આજે સાબિત થયું છે કે, દુનિયામાં બે ટ્રાન્ઝેક્શન થાય છે એક સમગ્ર વિશ્વનું અને બીજું ભારતનું.

આજે ડિજિટલ ઈન્ડિયા ગરીબોને સસ્તા



અનાજ વિતરણનું ડગલું ભરી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને સમગ્ર દેશની રાજ્ય સરકારો સાથે સંકલન કરી લિક પ્રુફ સિસ્ટમ કેન્દ્રીય મંત્રી પ્રહલાદજીના નેતૃત્વમાં અને મોદીજીના માધ્યમથી આજે દેશને સમર્પિત કરવામાં આવી છે. ખાદ્ય અને પુરવઠા મંત્રાલયના પદ્ધતિસભર ગરીબોને અનાજ વિતરણથી સંપૂર્ણપણે ભ્રષ્ટાચાર નાબૂદ થઈ જશે અને પારદર્શિતાથી ગરીબોને અનાજ મળવાની શરૂઆત થઈ જશે. દેશના ઘણા વિસ્તારો, ગરીબ ક્ષેત્રોમાં અને લાભથી વંચિત રહી ગયેલા જિલ્લાઓમાં પારદર્શિતાથી ૫ કિલો અનાજ નહોતું પહોંચતું. તેઓને ખબર જ નહોતી કે દિલ્હીથી પ્રધાનમંત્રી મોદીજી પાંચ કિલો અનાજ મોકલે છે કારણકે, તેમાં વચોટિયા વચ્ચે ભ્રષ્ટાચાર કરતા હતા. આજે, કોઈ આંગળી પણ ન કરી શકે અને સીધા ડિજિટલ માધ્યમથી જરૂરિયાતમંદને તેના અધિકાર મળવાની વ્યવસ્થા થઈ છે. જે રીતે ઉઇઝ એ આ દેશમાંથી ૧૫ લાખ કરોડથી વધારે ગોટાળાઓને સમાપ્ત કર્યા તે જ રીતે ખાદ્ય અને પુરવઠા મંત્રાલયની પારદર્શી વિતરણ પ્રણાલી સુનિશ્ચિત થશે તેવો વિશ્વાસ શાહ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના **Minimum Government-Maximum Governance** મંત્રને જમીન પર ઉતારવાનું કાર્ય એક નવા ક્ષેત્રમાં થઈ રહ્યું છે. ટેકનોલોજી અને મોદીજીની માનવીય સંવેદના, ગરીબો પ્રત્યેની ભાવના, શુદ્ધતા અને સત્યતાનો અદ્ભુત સંગમ આજે સૌની સમક્ષ છે પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ હેઠળ ગુજરાતમાં ૧ કી.ગ્રા તુવરદાળ, ૧ કી.ગ્રા ચણા, મીઠું અને ખાંડ એટીએમના માધ્યમથી થનાર છે. આજે ગુજરાતમાં નિર્મિત મેડ ઇન ઇન્ડિયા થી વધારે મેડ ઇન ગુજરાત અન્ન વિતરણ મશીનનું પણ ઉદઘાટન થયું છે.

સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સીના માધ્યમથી PDS ( Public Distribution System) પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ, CRS અંતર્ગત ગરિમા પોષણ કાર્યક્રમમાં ચેક વિતરણ અને કન્ઝ્યુમર એજ્યુકેશન અને રિસર્ચ સેન્ટર અને ગુજરાત સરકારના કન્ઝ્યુમર અફેર્સ વિભાગ વચ્ચે અનેક MOU થયા હોવાનું અમિત શાહે જણાવ્યું હતું.

ગરીબોને અન્ન સુરક્ષા પ્રદાન કરનાર અન્ન વિતરણ કાર્યક્રમમાં ખૂબ મોટી પારદર્શિતાની શરૂઆત થઈ છે. આ વિતરણ પ્રણાલી સૌથી વધારે પારદર્શી હશે. ૧૧ વર્ષ પહેલાંના સમયમાં અનાજને તોલવામાં ભ્રષ્ટાચાર થતો હતો જેને આજે ડિજિટલ વેઈંગ સ્કેલ કરવામાં આવ્યા, નકલી રાશનકાર્ડને હટાવવા માટે ઈ-રાશનકાર્ડ બનાવ્યા, વન નેશન વન રાશનકાર્ડનો કાર્યક્રમ કરવામાં આવ્યો અને આજે આ પ્રણાલીથી પારદર્શિતા બધું મજબૂત થઈ છે જેના કારણે, દરેક ગરીબને તેનો અધિકાર સંપૂર્ણપણે પરિપૂર્ણ થશે તેવો વિશ્વાસ પણ શાહે વ્યક્ત કર્યો હતો. વજન, કિંમત અને ઉત્પાદન તારીખને ઉજાગર કરનાર સુદ્રઢ પેકિંગમા તેમજ સારી ગુણવત્તા, ચોક્કસ જથ્થો અને પારદર્શી વિતરણ મળશે. શાહે કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી દેશભરમા પારદર્શીતા સભર અન્ન વિતરણ મશીનની સુદ્રઢ વ્યવસ્થા કરવા માટે આહ્વાન કર્યું હતું.

આધારબેઝ બાયોમેટ્રિક પ્રણાલી ચકાસી અને રિઝર્વ બેંકમાંથી નેકળેલી પેમેન્ટ સિસ્ટમ અને ૩૫ સેકન્ડમાં ૨૫ કી.ગ્રા અનાજ વિતરણ આ અન્ન વિતરણ મશીન કરે છે. CBDC (Central Bank Digital Currency) સાથે અને રાજ્યસરકારો સાથે પણ જોડાણ કરવામાં આવ્યું છે. આ સિસ્ટમને ૩ કે ૪ વર્ષના સમયગાળાની અંદર સમગ્ર દેશમાં જમીન સુધી પહોંચાડવાનું કાર્ય પરિપૂર્ણ કરાઈ દેવાશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ડિજિટલ ઈન્ડિયાથી અનેક પારદર્શિતા ગામેગામ સુધી પહોંચી છે.

કોંગ્રેસની સરકામાં ૫૦૦ ગામો સુધી કનેક્ટિવિટી પહોંચી હતી આજે ૧ લાખ ૭ હજાર ગામડાઓમાં કનેક્ટિવિટી પહોંચાડવાનું કાર્ય સમાપ્ત થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ ૨૦૧૪માં ભાષણમાં કહ્યું હતું કે, સરકાર પર પહેલો અધિકાર ગરીબો,

પીડિતો, વંચિતો, આદિવાસી અને દલિતોનો છે અને આજે સૌની સમક્ષ છે કે, ૮૧ કરોડ લોકોને મફત રાશન અને વ્યક્તિદીઠ પાંચ કિલો રાશન મળી રહ્યું છે અને આજે તેમાં ટ્રાન્સપરન્ટ સિસ્ટમ પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ યોજનામાં સમગ્ર યુરોપિયન આબાદીથી ૪ ગણાથી વધારે લોકોને મફત અનાજ વિતરણ કાર્યક્રમ છે. ૪ કરોડથી વધારે લોકોને મકાન આપવાનું વચન પૂર્ણ થયું છે અને વધેલા ૩ કરોડ લોકોને ૨૦૨૯ સુધી ઘર મળી જાય તે પ્રકારની વ્યવસ્થા પણ પ્રસ્થાપિત કરવામાં આવી છે. નળ સે જળ અંતર્ગત ૧૩ કરોડ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચ્યું છે.

૧૩ કરોડ ઘરોમાં ગેસ કનેક્શન, ૧૨ કરોડ ઘરોમાં શૌચાલય અને ૨ કરોડ ૯૧ લાખ 'લખપતિ દીદી' ગૌરવ સાથે દેશના વિકાસમાં યોગદાન આપી રહી છે. કોંગ્રેસે માત્ર વિકાસ અને રોજગારીની વાતો કરતી હતી જ્યારે, સરકારની યોજનાઓને કવર ન કરતા ૧ કરોડ ૯ લાખ શેરી વિક્રેતાઓને સ્વનિધિ યોજનાનો ફાયદો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ આપ્યો છે. ૧૦ વર્ષમાં ૨૭ કરોડ લોકોને ગરીબીરેખામાંથી મુક્ત કરવાનું કાર્ય મોદી સરકારે કર્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું.

### કોંગ્રેસ પર શાહનો પ્રહાર : ટ્રેડ દિલની ચર્ચા કરવા ચેલેન્જ

કોંગ્રેસ પર પ્રહાર કરતા અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસે ગરીબી હટાવવાની માત્ર વાતો કરી જ્યાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઘર,વીજળી ગેસ, પાંચ લાખનો ઈન્સ્યોરન્સ, પીવાનું પાણી જેવી યોજનાઓ પહોંચાડી, ગરીબોને માત્ર ૧૦ વર્ષમાં ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કાર્ય કરવામાં આવ્યું છે. કોંગ્રેસ સરકાર અને તેનું નેતૃત્વ હંમેશા ખોટું બોલી જનતાને ગેરમાર્ગે દોરવાનું કાર્ય કર્યું છે. દેશની પાર્લમિન્ટમાં કોંગ્રેસના શહેજાદા રાહુલ કિસાનોની વાતો કરે છે. શાહે રાહુલ ગાંધીને ચેલેન્જ આપતા કહ્યું કે ટ્રેડ ડીલ અને FTA પર ચર્ચા માટે મંચ તમે પસંદ કરી લો ભાજપા યુવા મોરચાના અધ્યક્ષ તમને જવાબ આપશે કે કિસાનોનું સૌથી વધુ નુકશાન કોને કર્યું. ૧૦ વર્ષ UPA મનમોહનજીની સરકાર અને ૧૦ વર્ષ ગઉઅ અને મોદીજીની સરકારની સરખામણીમાં અનેકગણું વધારે અનાજ ખજ્ઞ પર કિશાનો પાસેથી ખરીદવાનું કાર્ય ભાજપ સરકારે કર્યું છે. કોંગ્રેસની સરકારમાં કિસાનોનું બજેટ માત્ર ૨૬ હજાર કરોડ હતું જ્યારે, મોદીની સરકારમાં બજેટ ૧ લાખ ૨૯ હજાર કરોડ કરવાનું કાર્ય સરકારે કર્યું છે. ૭૦ વર્ષમાં અનેક વખત લોન માફીની વાતો કરી અને કિશાનોને ગેરમાર્ગે દોરવાનું કાર્ય કર્યું જ્યારે મોદી દર વર્ષે ખેડૂતોના ખાતામાં ૬ હજાર જમા કરી ખેડૂતોને લોન ન લેવી પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી. રાહુલ ગાંધી ખોટું બોલીને દેશના ખેડૂતોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વિરોધપક્ષની આકરી ઝાટકણી કાઢતા તેઓએ કહ્યું કે કોંગ્રેસ કહેતી હતી કે, યુરોપિયન યુનિયન, ઈંગ્લેન્ડ અને તેમની સાથે થયેલા FTA અને અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ બંનેના માધ્યમથી કિશાનોને નુકસાન થયું છે પરંતુ આ ટ્રેડ ડીલથી કિસાનોને સૌથી વધારે સુરક્ષિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ એક પ્રકારે ખેડૂતોનો પણ છે. કૃષિ અને માછીમારોને વિશ્વની બજારોમાં પહોંચવાનો રસ્તો આજે ખુલ્યો છે. ભારતીય જનતા પાર્ટીના નેતા નરેન્દ્રભાઈ મોદીજી ભારતના માછીમારો, પશુપાલકો અને ખેડૂતો સાથે ક્યારેય અન્યાય નહીં કરે. આદરણીય મોદીજી આજે કિસાનોની સુરક્ષા માટે એક ચટ્ટાન બનીને ઊભા છે. શાહે તેમના મતક્ષેત્રમાં આ મોડલ પ્રસ્થાપિત કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ કેન્દ્રીય મંત્રી પ્રહલાદભાઈ જોશીને આ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે ભારત સૌથી મોટો દેશ : મુખ્યમંત્રી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં ''જે કહેવું તે કરવું''ના મંત્ર સાથે દેશમાં જનકલ્યાણનો નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. વડાપ્રધાનએ GYAN એટલે કે, ગરીબ, યુવા, મહિલા અને અન્નદાતાના સશક્તિકરણ દ્વારા વિકસિત ભારતના નિર્માણનો મજબૂત પાયો નાખ્યો છે. ટેક્નોલોજીના પરિવર્તનકારી પ્રભાવનો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક સમયે ડિજિટલ પેમેન્ટ અંગે ઉદભવેલી શંકાઓને દૂર કરીને આજે ભારતે વિશ્વમાં સૌથી મોટા UPI યુઝર તરીકે નામના મેળવી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, DBT, જનધન, આધાર અને મોબાઈલની ત્રિવેણી તેમજ અઈ આધારિત ડેટાબેઝ કનેક્ટિવિટીને કારણે સરકારી યોજનાઓના લાભ હવે સીધા અને પ્રામાણિકતાથી લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યા છે. આહાર, આવાસ, આરોગ્ય અને આવકના સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરવાને પરિણામે જ છેલ્લા એક દાયકામાં દેશના ૨૫ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હવે અનાજ મેળવવા માટે 'ગ્રેઈન અઝખ' કાર્યરત થશે. આ અઝખ દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે અને તે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ સુવિધાથી ખાસ કરીને શ્રમિકો અને મજૂર વર્ગ તેમના કામકાજના કલાકો પછી પણ ગમે ત્યારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા અને દાળ મેળવી શકશે, જે છેવાડાના માનવીના સશક્તિકરણની દિશામાં મોટું પગલું પૂરવાર થશે.CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા અંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, આ ટેક્નોલોજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે. આ ડિજિટલ ટ્રેકિંગ અને મોનિટરિંગને કારણે યોજનાના લાભોમાં ૧૦૦ ટકા પારદર્શિતા આવશે અને 'સેચ્યુરેશન એપ્રોચ' એટલે કે દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચવાનો સરકારનો સંકલ્પ ખરા અર્થમાં સાકાર થશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પ્રહલાદભાઈ જોશી, કેન્દ્રીય મંત્રી મતી નિમુબેન બાંભણીયા, ખાદ્ય અને નાગરિક રાજ્યમંત્રી રમણભાઈ સોલંકી, ગુજરાત સરકારના મંત્રી પુનમભાઈ બરંડા, ગાંધીનગર મેયર મીરાબેન પટેલ, કેન્દ્રીય સચિવ સંજીવ ચોપડાજી, મોના ખંધાર, આરબીઆઈના કાર્યકારી નિર્દેશક પી. વાસુદેવનજી સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હોવાનું ગાંધીનગર લોકસભા ભાજપના મીડિયા કન્વીનર ડો.બિમલ જોશીએ જણાવ્યું હતું.

### જૂનાગઢમાં સાધુ-સંતોની રવેડીમાં લાખો શ્રદ્ધાળુઓ જોડાયા

# જીવ શિવમય : શિવરાત્રી મેળાનું રંગે ચંગે સમાપન

## મૃગીકુંડમાં સાધુ-સંતોના શાહી સ્નાન બાદ ભગવાન ભવનાથની મહાપૂજા-આરતી સાથે આ મેળાની વિધિવત પૂર્ણાહુતિ



જૂનાગઢ, તા.૧૫

ગિરનારની પવિત્ર ગોદમાં ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલો મહાશિવરાત્રીનો 'મિની કુંભ' મેળો આજે (૧૫ ફેબ્રુઆરી) તેના ઉતરાર્ધ તરફ આગળ વધ્યો હતો. સમગ્ર ભવનાથ ક્ષેત્ર અત્યારે 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતો આજે શિવરાત્રીના પાવન પર્વે મેળાનો અંતિમ દિવસ હતો. લાખો શ્રદ્ધાળુઓની હાજરીમાં નાગા સાધુઓ, વરિષ્ઠ સંતો અને મહામંડલેશ્વરોની ભવ્ય શાહી રવેડીમાં જોડાયા હતા.

શાહી રવેડી એટલે સાધુ-સંતોનું ભવ્ય સરઘસ દર વર્ષે નીકળે છે. શંખનાદ, ડમરુના ગુંજારવ અને હથિયારોના કરતબ સાથે જ્યારે દિગંબર સાધુઓ નીકળ્યા હતા. ત્યારે દ્રશ્ય અત્યંત મનોહર બન્યું હતું. રવેડીના ભ્રમણ બાદ મધ્યરાત્રીએ તમામ સંતો અને નાગા સાધુઓ પવિત્ર મૃગીકુંડમાં શાહી સ્નાન કર્યું હતું. સ્નાન વિધિ પૂર્ણ થયા બાદ ભગવાન ભવનાથની મહાપૂજા અને આરતી સાથે આ મેળાની વિધિવત પૂર્ણાહુતિ જાહેર કરાઈ હતી.

અત્રે એ નોંધનીય છે કે, ગિરનારની રવેડીનો ઈતિહાસ સદીઓ પુરાણો છે. તે માત્ર ધાર્મિક સરઘસ નથી, પરંતુ સનાતન ધર્મની રક્ષા માટે સાધુઓએ ધારણ કરેલા શસ્ત્ર અને શાસ્ત્રના સમન્વયનું પ્રતીક છે. આ રવેડીમાં પંચ દશનામ જૂના અખાડા, આવાહન અખાડા અને અગ્નિ અખાડાના સાધુઓ પોતપોતાના ઈષ્ટદેવ અને ધર્મધજા (નિશાન) સાથે જોડાય છે. ગજાનન એટલે કે હાથી પર સવાર મહામંડલેશ્વરો રવેડીની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

મૃગીકુંડ વિશે એવી ગાઢ શ્રદ્ધા છે કે, આ પવિત્ર કુંડમાં સ્નાન કરવા માટે સ્વયં ભગવાન શિવ, અશ્વત્થામા અને નવ નાથ-ચોર્યાસી સિદ્ધો અદ્રશ્ય સ્વરૂપે પધારે છે. એક લોકવાયકા એવી પણ છે કે, શાહી સ્નાન સમયે કુંડમાં ઉતરેલા કેટલાક સાધુઓ ક્યારેય બહાર આવતા નથી અને તેઓ કુંડમાં જ અદ્રશ્ય થઈ જાય છે. તે દેવો હોય છે જે સાધુ સ્વરૂપે આ પવિત્ર સ્નાન કર્યા બાદ બહાર આવતા નથી. એક માન્યતા અનુસાર ભગવાન મહાદેવ પોતે પણ આ શાહીસવારી અને સ્નાનમાં જોડાય છે.

'મૃગી' નામ કેમ પડ્યું ?

પ્રાચીન કાળમાં મૃગ (હરણ) જેવા મુખવાળા રાજા આ કુંડમાં સ્નાન કરવાથી શાપમુક્ત થયા હતા અને તેમનું મુખ માનવ જેવું થઈ ગયું હતું, ત્યારથી આ કુંડ 'મૃગીકુંડ' તરીકે ઓળખાય છે તેવું કહેવાય છે.